

P.09

સાઉથ સુપરસ્ટાર નાગાર્જુન વિરુદ્ધ એફઆઇઆર નોંધાઈ

# લોક પત્રિકા

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક



P.09

અભિનેત્રી અનુષ્કા શર્માને પતિના કપડાં પહેરવા ગમે છે

www.lokpatrika.in | LOK PATRIKA | RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૩ અંક : ૮૬ । વિક્રમ સંવત ૨૦૮૦ : આસો વદ ૧૧ । પાના - ૧૦ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 03 • Issue : 86 • Dt. 27-10-2024 Sunday • Page 10 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125


લાઇફ મેક્સ કેન્સર લેબોરેટરીઝ દ્વારા કેલ્શિયમ-વિટામિન ડીની ૪૯ દવા ક્વોલિટી ટેસ્ટમાં ફેલ





09

**27**
OCTOBER- 2024
SUNDAY



09

કેન્દ્રએ ૪૪ હજાર કરોડ આપ્યા, આપ સરકાર ખેડૂતોને પૈસા આપી રહી નથી : અમરિંદર સિંહ

લોક પત્રિકા સીટી ઓફીસ : ૭૨, સિટી સેન્ટર, સ્વસ્તિક ચાર રસ્તા પાસે, સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ | સમાચાર માટે : ૯૮૨૫૨ ૫૨૧૨૫ | જાહેરાત માટે : ૭૦૧૬૬ ૯૨૦૬૬

## રાજ્યમાં નકલીઓનો રાફડો ફાટ્યો, બનાસકાંઠામાં નકલી સચિવ પકડાયો

| પ્રતિનિધિ, પાલનપુર, તા.૨૬ |

બનાસકાંઠામાં નકલીઓનો રાફડો ફાટ્યો છે. નકલી જજ બાદ નકલી સચિવ સામે આવ્યા છે. શિક્ષણ વિભાગના સચિવનો ડુપ્લિકેટ લેટર બનાવ્યો છે. આ જ નકલી લેટરના આધારે શિક્ષકને બદલીનો ઓર્ડર પણ આપી દીધો. ॅશિક્ષક બ્રિજેશ પરમારે સચિવનો નકલી હુકમ બનાવ્યો છે. મજાદરની પ્રાથમિક શાળામાં શિક્ષક બ્રિજેશ પરમાર નોકરી કરે છે. ડુવા પ્રાથમિક શાળાના શિક્ષકને નકલી ઓર્ડર આપ્યો છે. શિક્ષણ અધિકારે શિક્ષક બ્રિજેશ પરમારને સસ્પેન્ડ કર્યો છે. શિક્ષણ અધિકારીએ પોલીસ ફરિયાદના આદેશ આપ્યા છે.આ પહેલા રાજ્યમાં નકલી પીએ અને નકલી સીએમઓ અધિકારી પછી જૂનાગઢમાં નકલી ડીવાયએસપી ઝડપાયો હતો. આ શખ્સની ઓળખ વિનીત બંસીલાલ દવે તરીકે થઈ છે. વિનીત નકલીૈંૃ સાથે રોફ જમાવતો અને બેઠકો પણ કરતો હતો. ૨.૧૧ કરોડથી પણ વધુની છેતરપિંડી પણ આચરી છે.

## ફૂલ જેવી બાળાના શરીર સાથે ૯૨ વર્ષના નરાધમ વયોવૃધ્ધે કર્યા અડપલાં

| પ્રતિનિધિ, રાજકોટ, તા.૨૬ |

સભ્ય સમાજનું માથું શરમથી ઝુકી જાય તેવી વધુ એક ઘટના રાજકોટમાં બની છે. જેમાં ૯૨ વર્ષના વયોવૃદ્ધે માત્ર ૩ વર્ષ અને ૧૧ માસની કૂમળી અને ફૂલ જેવી બાળાની જાતિય સતામણી કરી હતી. જે અંગે બાળાએ તેની માતાને ઈશારાથી જાણ કરી હતી. પરંતુ માતાને ભરોસો નહીં થતાં સીસીટીવી કેમેરા જોવડાવ્યા હતા. જેમાં નરાધમ વૃદ્ધની કરતૂતો કેદ થઈ ગઈ હતી. જેના આધારે ગઈકાલે રાત્રે બાળાના પરિવારજનોએ પ્ર.નગરના પીઆઈ બી.એમ. ઝણકાટનો સંપર્ક કરી આપવીતિ કહી હતી. જે સાંભળી પોલીસ પણ ચોંકી ઉઠી હતી. પોલીસે તત્કાળ પોકસો સહિતની કલમો હેઠળ ગુનો નોંધી આરોપી નવલશંકર કલ્યાણજીભાઈ દેસાઈ (ઉ.વ. ૯૨)ની ધરપકડ કરી હતી. તપાસના અંતે તેને પોલીસે કોર્ટમાં રજૂ કરતાં જેલ હવાલે થયા હતા. તે પહેલાં આરોપીએ પોલીસને કહ્યું કે હું મારી છેલ્લી યાત્રા પર જાવ છું.

### ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા

# ગુજરાતના ૮ શહેરોની પ્રોપર્ટી માટે સરકારનો નિર્ણય, નોન ટીપી જમીન માટે છૂટ આપી

**નોન ટી.પી. એરીયામાં ૪૦ ટકા કપાત બાદ કરીને ૬૦ ટકા જમીનનું પ્રિમિયમ વસુલ કરવામાં આવશે**

| ગાંધીનગર, તા.૨૬ |



મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના ૮ શહેરો તથા ભરૂચ-અંકલેશ્વર શહેરી વિકાસ સત્તામંડળના વિસ્તારોમાં સમાવિષ્ટ નોન ટી.પી. વિસ્તારના જમીન ધારકોને હાલ ભરવા પડતા પ્રિમિયમમાં રાહત આપતો મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. તદનુસાર, ડી-૧ કેટેગરીમાં આવતા અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ (ઔડા), ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ (ગુડા), સુરત શહેરી વિકાસ સત્તામંડળ (સુડા), વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ (વુડા) અને રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ (રુડા) ડી-૨ કેટેગરીમાં જુનાગઢ શહેરી વિકાસ સત્તામંડળ (જુડા), જામનગર શહેરી વિકાસ સત્તામંડળ (જાડા) અને ભાવનગર શહેરી વિકાસ સત્તામંડળ (ભાડા)ના વિસ્તારો ઉપરાંત ભરૂચ-અંકલેશ્વર શહેરી વિકાસ સત્તામંડળના વિસ્તારોમાં નોન ટી.પી. એરીયામાં ૪૦ ટકા કપાત બાદ કરીને ૬૦ ટકા જમીનનું પ્રિમિયમ વસુલ કરવામાં આવશે. મુખ્યમંત્રીના આ નિર્ણયને પરિણામે રાજ્યના ડી-૧ અને ડી-૨ કેટેગરીના ૮ શહેરો અને ભરૂચ-અંકલેશ્વર શહેરી વિકાસ સત્તામંડળના વિસ્તારોમાં સમાવિષ્ટ નોન ટી.પી. વિસ્તારના જમીન ધારકોને કપાતમાં જતી જમીન ઉપર જે પ્રિમિયમ ભરવું પડતું હતું તેમાથી મુક્તિ મળશે અને માત્ર તેમની પાસે રહેનારા ૪૦ ટકા કપાતના ધોરણો પછીના સુચિત પ્લોટના અંતિમ ખંડના ક્ષેત્રફળ જેટલા જ વિસ્તારનું પ્રિમિયમ ભરવાનું રહેશે.ભૂપેન્દ્ર પટેલના આ પ્રજાલક્ષી નિર્ણયથી નોન ટી.પી. વિસ્તારમાં ૪૦ ટકા કપાતની જમીનના ભરવાના થતા મહેસુલી પ્રિમિયમની રકમમાંથી મુક્તિ મળવાના કારણે બાંધકામ ક્ષેત્રે પ્રોપર્ટીની કિમતોમાં ઘટાડો થશે અને તેનો સીધો લાભ મધ્યમ વર્ગના પરિવારોને મળશે. મુખ્યમંત્રી સમક્ષ એવી વિવિધ રજુઆતો આવી હતી કે રાજ્યમાં આ શહેરી વિકાસ સત્તામંડળોમા સમાવિષ્ટ વિસ્તારો પૈકી નગર રચના યોજના જાહેર ન થઈ હોય એવા નોન ટી.પી. માં સમાવિષ્ટ વિસ્તારોમાં ૪૦ ટકા જમીન કપાત કરીને પ્લોટ વેલીડેશન સર્ટીફિકેટ ઈશ્યુ કરીને અંતિમ ખંડની ફાળવણી કરવામાં આવે છે. આના પરિણામે કબ્જેદારને અંતિમ ખંડ તરીકે ૬૦ ટકા અને સંબંધિત સત્તામંડળને ૪૦ ટકા જમીન કપાત પેટે સંપ્રાપ્ત થાય છે. આવા કિસ્સાઓમાં કબ્જેદાર પાસે બાકી રહેતી ૬૦ ટકા જમીન અથવા ખરેખર કપાત બાદ બાકી રહેતી જમીન માટે જ ખેતીથી ખેતી તેમજ ખેતીથી બિનખેતીનું પ્રિમિયમ વસુલ કરવું જોઈએ.એટલું જ નહિ, જ્યાં ટી.પી. લાગુ થઈ હોય ત્યાં કપાત અને રાખવાપાત્ર જમીનનું ધોરણ ૪૦ ટકા અને ૬૦ ટકાનું છે એજ રીતે જ્યાં ડેવલપમેન્ટ પ્લાન-ડી.પી લાગુ થયો હોય ત્યાં પણ આ જ ધોરણ એટલે કે, ૪૦ ટકા અને ૬૦ ટકાનું રાખવુ જોઈએ. સરકાર સમક્ષ એવી પણ રજુઆતો આવી હતી કે, વર્ષ ૨૦૧૮ના ઠરાવની જોગવાઈથી ટી.પી. વિસ્તાર કે ટી.પી.નો ઈરાદો જાહેર થયો હોય ત્યાં 'એફ' ફોર્મના ક્ષેત્રફળ મુજબ અથવા ૪૦ ટકા કપાતના ધોરણો ધ્યાને લઈને અંતિમ ખંડ ઉપર ખેતીથી ખેતી અને ખેતીથી બિનખેતીનું પ્રિમિયમ વસુલ કરવાનું ઠરાવવામાં આવ્યું છે.

## મજાદર શાળાના આચાર્યએ નિયામકનો નકલી પત્ર બનાવતાં સસ્પેન્ડ

| પ્રતિનિધિ,વડગામ, ૨૬ |

વડગામ તાલુકાના મજાદર પ્રા. શાળાના આચાર્યએ ગાંધીનગર શિક્ષણ નિયામકનો નકલી પત્ર બનાવી તેમાં નકલી સહિ કરી એક શિક્ષકની પત્ર આપ્યો હોવાનું સામે આવ્યું છે. જેને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી દ્વારા તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યો હતો. આ આચાર્ય સામે અગાઉ શિષ્યવૃતિની ઉચાપતની તપાસ પણ ચાલી રહી હોવાનું સામે આવી રહ્યું છે.વડગામ તાલુકાની મજાદર પ્રાથમિક શાળામાં ફરજ બજાવતો આચાર્ય બ્રિજેશ પરમારે તેની ફરજ દરમિયાન શિક્ષણ નિયામકનો ખોટો પત્ર અને સહી કરી શિક્ષકની બદલી કરવા પત્ર આપ્યો હોવાનું સામે આવ્યું છે. સૂત્રોએ જણાવ્યું હતુ કે, બ્રિજેશ પરમાર ગાંધીનગર નિયામકના ખોટા લેટરથી શિક્ષકોની બદલી કરવાના.બદલી કરવા પત્ર આપ્યો હોવાનું સામે આવ્યું છે. સૂત્રોએ જણાવ્યું હતુ કે, બ્રિજેશ પરમાર ગાંધીનગર નિયામકના ખોટા લેટરથી શિક્ષકોની બદલી કરવાના.શિક્ષણ વિભાગના સચિવના નામે નકલી હુકમ !નકલી આઈપીએસ, નકલી ટોલનાકુ, નકલી કચેરી બાદ નકલી કોર્ટ અને શિક્ષણ વિભાગના સચિવનો ડુપ્લીકેટ લેટર બનાવી શિક્ષકને બદલીનો ઓર્ડર આપ્યાનો પર્દાફાશ થયો છે. વડગામની એક પ્રાથમિક શાળાના શિક્ષકે આ કારસ્તાન કર્યુ હોવાનો ખુલાસો થયો છે. શિક્ષક બ્રિજેશ પરમારને સસ્પેન્ડ કરી પોલીસ ફરિયાદના આદેશ આપ્યા છે.

### અમદાવાદમાં દિવાળી આવતાની સાથે જ પોલીસ સંતર્ક

# દિવાળીના તહેવારોમાં સીસીટીવી કેમેરા દ્વારા પોલીસની બાજ નજર

| પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૬ |




અમદાવાદમાં દિવાળી આવતાની સાથે જ પોલીસ સંતર્ક જોવા મળી રહી છે. પોલીસ દ્વારા દરેક વિસ્તારોમાં સીસીટીવી કેમેરા દ્વારા નજર રાખવામાં આવશે. જેથી લોકોમાં સુરક્ષાને લઈને કોઈ પણ પ્રકારની ચુક ના થાય તે માટે પોલીસ દિવાળીના તહેવારોમાં વધારે પડતી સંતર્ક બની છે.હવે દિવાળીના દિવસો ગણતરીના રહ્યા છે. તે માટે હવે લોકો ખરીદી કરવા માટે બજારમાં ભીડ જોવા મળી રહી છો. તે ભાગરૂપે પોલીસ દ્વારા દરેક જગ્યા ઉપર સંતર્ક નજર રાખવામાં આવી રહી છે. ખાસ કરીને સીસીટીવી કેમેરા દ્વારા પોલીસ નજર રાખી રહી છે. ખાસ કરીને ભીડભાડ વાડી જગ્યામાં જ્યારે દાગીનાની દુકાનમાં મેટ્રો સ્ટેશનમા પોલીસ દ્વારા નજીક રાખવામાં આવી રહી છે.પોલીસ દ્વારા જ્યારે પણ તહેવારો નજીક આવતા હોય છે. ત્યારે ચીલ ઝડપ ચોરી જેવી ઘટના વધારે પડતી બનતી હોય છે. અને આ બનાવમાં સામાન્ય દિવસ કરતા વધારો જોવા મળી રહે છે. તે માટે પોલીસ દ્વાર આ વખતે સંપૂર્ણે સંતર્ક રહી છે. અને અમદાવાદ શહેરમાં સીસીટીવી કેમેરા દ્વારા દરેક જગ્યા ઉપર નજર રાખવામાં આવશે. જેથી કોઈ અજુગતુ ના બને તે માટે પોલીસ પુરતુ ધ્યાન આપી રહી છે. પોલીસ દ્વારા ઈન્ડસ્ટ્રીઝની કંપનીઓમાં બેઠક પણ કરવામાં આવી રહી છે. અને લોકો દ્વારા અપીલ પણ કરવામાં આવી રહી છે. જો તમે દિવાળીના દિવસે બહાર ગામ જાવ તો પોલીસ દ્વારા જાણ કરો જેથીદ્દ તમારા ઘરમાં ચોરી જેવા બનાવો ના બને અને પોલીસ તમારા ઘરની આસપાસ પેટ્રોલીગ કરે તેવા પ્રકારની તકેદારી રાખવામાં આવી રહી છે.અમદાવાદમાં દિવાળી આવતાની સાથે જ પોલીસ સંતર્ક જોવા મળી રહી છે.

## વડોદરામાં મકાનમાંથી દારૂના જથ્થા સાથે ૧૫.૫૮ લાખનો મુદ્દામાલ કબજે

| પ્રતિનિધિ, વડોદરા, તા.૨૬ |

વડોદરામાં સ્ટેટ મોનીટરીંગ સેલના અધિકારીઓને માહિતી મળી હતી કે કાપુરાઈ માં વાઘોડીયા રોડ પરિવાર ચાર રસ્તા પાસે નુર્મ આવાસ યોજનાના બ્લોક નંબર ૪, મકાન નંબર-૩માં દારૂનો જથ્થો રાખવામાં આવ્યો છે. માહિતીને આધારે એસએમસીના અધિકારીઓએ અહીં દરોડો પડ્યો હતો. જેમાં મકાનમાંથી રૂ.૯,૦૬,૯૦૦ ની કિંમતની ૩૩૪૮ વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. તે સિવાય પોલીસે ૯ મોબાઈલ, ૩ વાહનો અને રોકડ રકમ મળીને કુલ રૂ. ૧૫,૫૮,૬૦૦ ની કિંમતનો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ કેસમાં પોલીસે દારૂની ગાડી મંગાવનારા અને વેચનારા નુમ આવાસમાં રહેતા ભાવેશ સી.રાજપુત, નિરવ બી.પટેલ, ડ્રાઈવર કેતન જે.રાઠોડ, દારૂ લેવા આવનાર ગ્રાહક આતીશ વી.ઠાકોર અને જયેશ આઈ કહારની ધરપકડ કરી હતી. જ્યારે છ આરોપી ફરાર છે જેમની પોલીસ શોધ ચલાવી રહી છે.

## વર્ગ ૧ અને ૨ ના અધિકારીઓની બદલી અને બઢતીના સરકારે આદેશ આપ્યા

| પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૨૬ |

દિવાળી પહેલા ગુજરાત સરકારે અધિકારીઓની બદલી અને બઢતીના આદેશ આપ્યા છે. જેમાં ડેપ્યુટી કલેક્ટર અને ડેપ્યુટી જિલ્લા વિકાસ અધિકારીઓની બદલી અને મામલતદારો અને ટીડીઓની બઢતી કરવામાં આવી છે.ॅવર્ગ ૧ના ૭૯ અને વર્ગ ૨ ના ૪૪ અધિકારીઓની બદલી કરવામાં આવી છે. રાજ્યના મહેસૂલ વિભાગમાં મોટા પાયે બદલી સાથે બઢતી કરવાના રાજ્ય સરકારે આદેશ આપ્યા છે. જેમાં ૭૯ ડેપ્યુટી કલેક્ટરની બદલી અને ૪૪ મામલતદારને પ્રમોશન આપી ડેપ્યુટી કલેક્ટર બનાવાયા છે.અગાઉ રાજ્યના હિસાબ અને તિજોરી નિયામકમાં બઢતી સાથે બદલી કરાઈ હતી. નાયબ હિસાબનીશ કક્ષાના કર્મીઓને બઢતી મળી છે. ૧૩૯ હિસાબનીશને ઉચ્ચતર પગાર ધોરણોનો લાભ મળ્યો છે.



### જૂનાગઢ જિલ્લાના કેશોદ તાલુકાના બામણાસા ગામમાં

# જૂનાગઢમાં 'રાષ્ટ્રીય કિસાન મહાપંચાયત', યોગેન્દ્ર યાદવે એમએસપીનો કાયદો બનાવવાની માંગ કરી

**વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વર્ષ ૨૦૧૧માં ગુજરાતના મુખ્યમંત્રી તરીકે ભારતના વડાપ્રધાનને એમએસપીનો કાયદો બનાવવાનો જે પત્ર લખ્યો હતો તેનો અમલ હવે તેઓ સ્વયંમ વડાપ્રધાન તરીકે કરે તેવી માંગ પણ યોગેન્દ્ર યાદવે કરી હતી**



। જૂનાગઢ,તા.૨૬ ।

જૂનાગઢ જિલ્લાના કેશોદ તાલુકાના બામણાસા ગામમાં કિસાન મહાપંચાયતનું આયોજન થયું હતું. જેમાં ખેડૂતોની સમસ્યા અને ખેડૂતો માટેની લડાઈ લડતા રાષ્ટ્રીય આગેવાન યોગેન્દ્ર યાદવ પણ ખેડૂત મહાપંચાયતમાં હાજર રહ્યા હતા. તેમણે ખેડૂતોની સમસ્યા અને ખાસ કરીને કૃષિ પાકોના પોષણક્ષમ ભાવોને લઈને એકમાત્ર એમએસપીનો કાયદો તમામ સમસ્યાનું નિરાકરણ છે તેવું જણાવ્યું હતું. સાથે સાથે તેમણે વર્ષ ૨૦૧૧માં નરેન્દ્ર મોદીએ મુખ્યમંત્રી બન્યા તે સમયે આપેલા નિવેદનને યાદ અપાવીને કૃષિ પેદાશોના એમએસપીનો કાયદો ફરી બનાવે તેવી માંગ કરી હતી.જુનાગઢ જિલ્લાના કેશોદ તાલુકાના બામણાસા ગામમાં રાષ્ટ્રીય કિસાન મહાપંચાયત દ્વારા ખેડૂત મહાપંચાયતનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ખેડૂતોના રાષ્ટ્રીય હિતેચ્છુ અને પાછલા ઘણા વર્ષોથી ખેડૂતોની સમસ્યાને લઈને સમગ્ર દેશમાં આંદોલન ચલાવી રહેલા યોગેન્દ્ર યાદવે ખેડૂતોની સમસ્યાનો એકમાત્ર નિરાકરણ એમએસપી કાયદો હોવાની વાતનો પુનરુચ્ચાર કરીને કેન્દ્રની સરકારને આડેહાથ લીધી હતી. ખેડૂતોની જે સમસ્યા છે તેને એકમાત્ર એમએસપીનો કાયદો દૂર કરી શકે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વર્ષ ૨૦૧૧માં ગુજરાતના મુખ્યમંત્રી તરીકે ભારતના વડાપ્રધાનને એમએસપીનો કાયદો બનાવવાનો જે પત્ર લખ્યો હતો તેનો અમલ હવે તેઓ સ્વયંમ વડાપ્રધાન તરીકે કરે તેવી માંગ પણ યોગેન્દ્ર યાદવે કરી હતી.રાષ્ટ્રીય કિસાન મહાપંચાયતના અગ્રણી યોગેન્દ્ર યાદવે જણાવ્યું હતુ કે,'પાછલા ત્રણ દસકાથી ઘેડ જે રીતે વરસાદીપુરનો સામનો કરી રહ્યું છે, બિલકુલ આ જ પ્રકારની સમસ્યા બિહાર અને આસામમાં પણ જોવા મળે છે. કેન્દ્રની સરકાર વિકાસની આંધળી દૌડમાં પાણીના પ્રવાહને નથી સમજી શકતી જેને કારણે આ સમસ્યા થઈ છે. બિહારની સોન નદીમાં બંધ બનવાને કારણે લોકો ડૂબી રહ્યા છે. તો બીજી તરફ આસામની બ્રહ્મપુત્ર અને બિહારની કોશી નદીમાં પણ આ જ પ્રકારે પાણીને રોકીને જે ભૂલ સરકાર અને ઈજનેરો કરી રહ્યા છે. તે પાણીની શક્તિને સમજી શકવામાં અસમર્થ છે. આજના સમયમાં પાણી જેવું ઈજનેર વિશ્વને મળવો મુશ્કેલ છે. આવી પરિસ્થિતિમાં વિકાસ વિનાશ નોતરે તે પૂર્વે વિકાસને નવેસરથી વિચારવાની જરૂર છે તેવી વાત પણ યોગેન્દ્ર યાદવે કરી છે. એમએસપીના કાયદા હેઠળ આજે ગુજરાતના ખેડૂતોને પ્રતિ ૨૦ કિલો મગફળીના ૧૩૫૭ રૂપિયા જાહેર થયા છે.

### નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં બંદોબસ્ત દરમિયાન સટોડિયાની ધરપકડ

## વુમન વન ડે સિરિઝમાં લાઇવ સટ્ટો રમતા ત્રણને પોલીસે ઝડપી લીધા

। અમદાવાદ, તા.૨૬ ।

શહેરના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં હાલ વુમન વન ડે સિરિઝ ચાલી રહી છે. આ સિરિઝની ઈન્ડિયા અને ન્યુઝીલેન્ડની મેચ ચાલી રહી હતી ત્યારે પ્રેક્ષકના સ્વાંગમાં રહેલા સટોડિયાઓ પર પોલીસે ખાસ વોચ ગોઠવી હતી. મેચ દરમિયાનમાં પોલીસે સ્ટેડિયમમાં બેસીને લાઈવ ક્રિકેટ મેચ સટ્ટો રમતા ત્રણ સટોડિયાઓને ઝડપી પાડી વધુ તપાસ હાથ ધરી છે. આરોપીઓના ફોનમાંથી મળેલા સટ્ટાના આઈડી બાબતે પણ પોલીસે તપાસ શરૂ કરી છે. નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં વુમન વન ડે સિરિઝ મેચ ચાલી રહી છે. જેમાં ગુરુવારે યોજાયેલી ઈન્ડિયા અને ન્યુઝીલેન્ડની મેચમાં પ્રેક્ષકોના સ્વાંગમાં અનેક સટોડિયાઓ ઘૂસી ગયા હતા. પરંતુ અગાઉ સ્ટેડિયમમાં યોજાયેલી મેચના બંદોબસ્તના અનુભવ પ્રમાણે ચાંદખેડા પોલીસે પહેલેથી જ એલર્ટ હતી. પોલીસને શંકા હતી જ કે લાઈવ સટ્ટો રમતા લોકો પણ ઘૂસી શકે છે. જેથી પોલીસે શંકાસ્પદ લોકો પર એક ટીમને વોચ રાખવા સૂચના આપી હતી. તેવામાં ચાંદખેડા પોલીસ સ્ટેશનના પીઆઇ નિકુંજ સોલંકીની ટીમે સ્ટેડિયમમાંથી કુલ ત્રણ સટોડિયાઓને લાઈવ સટ્ટો રમતા ઝડપી પાડ્યા હતા. પોલીસે ડી બ્લોક પાસેથી યોગેશ નાનવાણી (રહે. શીવ ટાવર, સોરાબજી કમ્પાઉન્ડ)ને ઓનલાઈન સટ્ટો રમતા ઝડપી પાડ્યો હતો.

## સુરેન્દ્રનગરમાં ચોટીલામાં આરતીના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો

। સુરેન્દ્રનગર,તા.૨૬ ।

નવા વર્ષમાં લોકો નવા વર્ષની શરૂઆત માતાજીના દર્શનથી શરૂ કરે છે. તેના લીધે બેસતા વર્ષના દિવસે ચોટીલાના ચામુંડા માતાના મંદિરે ભક્તોનો ભારે ઘસારો પણ જોવા મળે છે. આ વર્ષે ગત વર્ષની જેમ મોટી સંખ્યામાં ભક્તો નવા વર્ષે માતાજીના દર્શને આવે તેવી સંભાવના છે. ત્યારે મંદિરના ટ્રસ્ટ તરફથી મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. ચોટીલામાં નવા વર્ષ નિમિત્તે દર્શન અને આરતીના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે.ચોટીલામાં ચામુંડા માતાજીના મંદિરના કપાટ ૨ નવેમ્બર બેસતા વર્ષના દિવસે સવારે ચાર વાગ્યે ખોલશે અને પરોઢિયે આરતી સવારે ૪:૩૦ વાગ્યે કરવામાં આવશે. લાભ પાંચમ સુધી પરોઢિયે થતી આરતીનો સમય આ પ્રમાણે જ રહેશે.દર વર્ષે મોટી સંખ્યામાં લોકો નવા વર્ષની શરૂઆત માતાજીના દર્શનથી શરૂ કરે છે.







## તંત્રી લેખ..

# ટ્રેડ વોરથી ફાયદો થશે

અમેરિકા અને ચીન વચ્ચે છેલ્લા કેટલાક સમયથી આર્થિક લડાઇ ચાલી રહી છે. જેના કારણે દુનિયાના દેશો હેરાન થયેલા છે. જાણકાર નિષ્ણાંતો અને આર્થિક પંડિતો સારી રીતે જાણે છે કે આ આર્થિક લડાઇનુ મુખ્ય કારણ રાજકીય છે. બંને દેશો વચ્ચે વિશ્વમાં પ્રભુત્વ જમાવવા માટેની એક પ્રકારની સ્પર્ધા છે. ભારત અથવા તો અન્ય કોઇ દેશ આને રોકવાની સ્થિતીમાં નથી. પરંતુ કેટલાક એવા ઉપાય છે જેના કારણે ભારત અમેરિકા અને ચીન વચ્ચે આર્થિક લડાઇનો લાભ લઇ શકે છે. વેપાર શરતોને વધારે ઉદાર બનાવીને ભારત જોરદાર રીતે લાભ ઉઠાવી શકે છે. જો અમેરિકા ચીનમાંથી આયાત કરવામાં આવતી ચીજો પર ડ્યુટીને લઇને મંજુરીની મહોર મારી દેશે તો અમેરિકી ગ્રાહકોને ચોક્કસપણે મોંઘવારીનો સામવો ચોક્કસપણે કરવો પડશે.પરંતુ આ પગલાના કારણે ચીન પર અનેક ગણી માઠી અસર થશે. સાથે સાથે જેઝટીઇ જેવી મોટી કંપનીઓ દેવાળુ ફુંકી શકે છે. હાલના સમયમાં સમગ્ર વિશ્વમાં ચાલી રહેલી સંરક્ષણવાદની લહેર ભારત માટે હાનિકારક છે. આના કારણે ભારતમાં રોકાણમાં બ્રેક વાગશે. મોંઘવારીમાં વધારો થશે અને ઇનોવેશનની ગતિ પણ ધીમી થઇ જશેય. ચીનની લોકપ્રિય ટેલિકોમ કંપની જેડટીઇ દ્વારા નવમી મેના દિવસે જાહેરાત કરવામાં આવી હતી કે અમેરિકી પ્રતિબંધ તેના પર અમલી થશે તો તે પોતાની ચીજોને રોકવા માટે મજબુર બની જશે. આ પહેલા અમેરિકાએ એક યાદી જાહેર કરીને ચીનમાંથી આયાત થનાર ૧૩૦૦ વસ્તુઓ પર ૨૫ ટકા ડ્યુટી વધારી દેવાની ઓફર કરી હતી. બંને મામલામાં ધમકી મળ્યા બાદ અમેરિકાની સરકારે નિર્ણયો હાલમાં ટાળી દીધા છે. એમ કહેવામાં આવે છે કે અમેરિકા-ચીન વેપાર મંત્રણા બાદ અમેરિકા દ્વારા કોઇ નવા પગલા લેવામાં આવનાર છે. બીજી બાજુ યુરોપિયન યુનિયને કહ્યુ છે કે જો અમેરિકા આયાત ડ્યુટી ઇયુ પર લગાવશે તો તે જડબાતોડ જવાબ આપશે. હવે ભારત સરકારની સામે અમેરિકા અને ચીન વચ્ચે ચાલી રહેલી આર્થિક લડાઇનો લાભ લેવાની તક રહેલી છે. સામાન્ય રીતે આ પ્રકારના યુદ્ધની વિશ્વ પર નકારાત્મક અસર થાય છે. જ્યારે અમેરિકાએ સ્ટીલ અને એલ્યુમિનિયમ આયાત પર ડ્યુટી લાગુ કરી હતી ત્યારે તે માત્ર ચીન પર નહીં બલ્કે અમેરિકાને નિકાસ કરનાર તમામ દેશો પર ડ્યુટી લાગુ થઇ ગઇ હતી. ભારતીય સ્ટીલ અમેરિકામાં ખુબ ઓછા પ્રમાણમાં નિકાસ થાય છે જેથી ભારત પર તેની કોઇ વધારે અસર સ્થાનિક બજારમાં થઇ ન હતી. પરંતુ મેક અમેરિકા ગ્રેટ અગેઇનના કારણે જો અમેરિકા ટેક્સટાઇલ અને દવા જેવી મહત્વપૂર્ણ ભારતીય ચીજો પર ડયુટી વધારી દેવાની શરૂઆત કરે છે તો અમારી અર્થવ્યવસ્થા પર તેની પ્રતિકુળ અસર થનાર છે. જ્યાં સુધી ચીન અને અમેરિકાની વાત છે તો જંગમાં બન્ને ઘાયલ થશે.

# બ્રેઇન ટ્યુમરના ઘણા પ્રકાર રહેલા છે

બ્રેઇન ટ્યુમરને લઇને સામાન્ય લોકો પાસે ઓછી માહિતી હોય છે. વારંવાર માથામાં દુખાવો રહે અને વારંવાર ગુસ્સો આવે તો તેની અવગણા કરવી જોઇએ નહીં. ૩-૧૫ વર્ષની વયમાં અને ૫૦ વર્ષથી વધુની વયમાં આ તકલીફ થવાનો ખતરો રહે છે. આંકડા દર્શાવે છે કે ૨૦ ટકા મામલા બાળકોમાં મસ્તિષ્કના કેન્સરના હોય છે. બાળકોમાં કોઇ પણ લક્ષણ દેખાય તો તરત જ તબીબને મળવાની સલા નિષ્ણાંતો આપે છે. વિટામિન-સી, ઇ અને કેની બનેલી ચીજો હમેંશા ફાયદો કરાવે છે. મોડી રાત સુધી ન જાગવા માટેની પણ તબીબો સલા આપે છે. સાથે સાથે જંક ફુડ અને ડબ્બામાં મળનાર ચીજોને ટાળવામાં આવે તે જરૂરી છે. તબીબો બ્રેઇન ટ્યુમરના સંબંધમાં વાત કરતા કહે છે કે દિમાગમાં અસામાન્ય કોશિકાના વધારાને બ્રેઇન ટ્યુમર કહેવામાં આવે છે. આના કેટલાક પ્રકારો રહે છે. પરંતુ કેન્સર વિનાના અને કેન્સર સાથેના ટ્યુમર જુદા જુદા પ્રકારના હોય છે. તેની આંશકા ત્રણ વર્ષથી લઇને ૧૫ વર્ષની વયના કિશોર અને ત્યારબાદ ૫૦ વર્ષથી ઉપરની વ્યક્તિમાં થવાનો ખતરો વધારે રહે છે. બાળકોમાં જેનેટિક મ્યુટેશન મુખ્ય કારણ તરીકે હોય છે. જે પરિવારમાં કોઇને પહેલાથી જ આ તકલીફ હોય છે તેમાં ખતરો વધારે રહે છે. બ્રેઇન ટ્યુમરના લક્ષણો જોવામાં આવે તો વહેલી સવારે ઉઠતાની સાથે જ માથામાં દુખાવો રહે છે. ઉલ્ટીઓ થાય છે. તેમાં કેટલીક વખત માઇગ્રેન જેવા લક્ષણ જોવા મળે છે. ઝુંકવા અને કસરત કરવાની સ્થિતીમાં વધારે તેજ દુખાવો થાય છે. કાનમાં હમેંશા કોઇ અવાજ સંભળાય છે. જોવામાં પરેશાની થાય છે. વારંવાર બેહાન થવાના લક્ષણ દેખાય છે. આંખોની નસમાં સોજા આવી જાયછે. બ્રેઇન ટ્યુમરના દર્દીની યાદશક્તિ પર માઠી અસર થાય છે. બ્રેઇન ટ્યુમરના પ્રકારના વાત કરવામાં આવે તો તેના કેટલાક પ્રકાર છે. જેમાં ગ્લિઓમાં, મેનિન્ગિઓમ, પિટ્યુટરી ટ્યુમરનો સમાવેશ થાય છે. ગ્લિઓમાં પ્રકારના ટ્યુમર ખુબ ખતરનાક હોય છે અને તે જીવલેણ હોય છે. મેનિન્ગિઓમ પ્રકારના ટ્યુમર મસ્તિષ્કની સપાટી પર થાય છે તેની સારવાર સરળ રીતે થઇ શકે છે. તેની સારવારના કેટલાક તબક્કા હોય છે. પ્રથમ તબક્કામાં બ્રેઇન ટ્યુમર કોશિકાના વિકાસની ગતિ ધીમી હોય છે. દિમાગથી શરીરના બીજા હિસ્સામાં તેનો ફેલાવો થતો નથી. સર્જરીથી અથા તો બીજી રીતે ટ્યુમરને દુર કરી શકાય છે. કિમો અને રેડિએશન થેરાપીની જરૂર પડતી નથી. તબક્કા-૨માં ટ્યુમરની કોશિકા શરીરના બીજા હિસ્સામાં ફેલાવવા લાગી જાય છે. મોટા ભાગના દર્દીની સારવાર કિમોથેરાપી મારફતે કરવામાં આવે છે. સમય પર સારવાર ન કરાવવાની સ્થિતીમાં સ્થિતી બગડી શકે છે.તબક્કા-૨માં ટ્યુમર અતિ ઝડપથી શરીરના બીજા હિસ્સામાં ફેલાઇ જાય છે. દિમાંગને શરીરના સંકેતો ઓળખવામાં પરેશાનીનો સામનો કરવો પડે છે. રેડિએશન અને કિમોથેરાપીથી સારવાર કરવામાં આવે છે. તબક્કા-૪માં ટ્યુમર પૂર્ણ રીતે વિકસિત થાય છે. જેથી શરીરને પૂર્ણ રીતે નુકસાન પહોંચાડવા લાગી જાય છે. ગંભીરતા ખુબ વધારે થઇ જાય છે. જેના કારણે સારવારમાં કિમો, રેડિએશન અને લેજર થેરાપીની પણ જરૂર પડે છે. ટ્યુમરની ઓળખ કરવામાં આવ્યા બાદ તબીબો બાળકની સ્થિતી જુએ છે.



વિશેષ

શ્રીમતી અનિતા પ્રવીણ

**૨૧મી સદીમાં ભારતની સફર સદી ઉજવણી કરવા જેવી રહી છે...**

**એક રાષ્ટ્ર તરીકેની આપણી વિકાસગાથા, સાતત્યપૂર્ણ પ્રગતિ, ટેકનોલોજી, ટકાઉપણા પ્રત્યેની પ્રતિબદ્ધતા, સ્થિતિસ્થાપક ઉદ્યોગસાહસો અને આપણા વૈશ્વિક દૃષ્ટિકોણથી સુશોભિત છે**

# ભારતની ફૂડ પ્રોસેસિંગ સંભવિતતાને મુક્ત કરવી : વર્લ્ડ ફૂડ ઇન્ડિયા ૨૦૨૩ અને તેનાથી આગળ

**ભારતમાં ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગમાં તાજેતરના વર્ષોમાં નોંધ પાત્ર વૃદ્ધિ થઈ છે અને તેમાં આગળ સતત વૃદ્ધિની પ્રચંડ સંભાવના છે. પ્રોસેસિંગ મારફતે મૂલ્ય સંવર્ધન ફૂડ પ્રોસેસિંગ ક્ષેત્રને મુખ્ય ક્ષેત્રોમાંનું એક બનાવે છે, જે ભારતની કૃષિ પરિદ્રશ્યમાં પરિવર્તન લાવી શકે છે**

૨૧મી સદીમાં ભારતની સફર સદી ઉજવણી કરવા જેવી રહી છે. એક રાષ્ટ્ર તરીકેની આપણી વિકાસગાથા, સાતત્યપૂર્ણ પ્રગતિ, ટેકનોલોજી, ટકાઉપણા પ્રત્યેની પ્રતિબદ્ધતા, સ્થિતિસ્થાપક ઉદ્યોગસાહસો અને આપણા વૈશ્વિક દૃષ્ટિકોણથી સુશોભિત છે. આ અનુકરણીય વિકાસને આપણા ઉદ્યોગોએ અને તેનાં ઘણાં ઘટક ક્ષેત્રોએ મહત્ત્વપૂર્ણ રીતે બળતણ પૂરું પાડ્યું છે, જે દરરોજ ભારતમાં પરિવર્તન લાવે છે. આ બધામાં સૌથી વધુ આશાસ્પદ, ગતિશીલ અને ઓછી ઊંચાઈ ધરાવતું ક્ષેત્ર ભારતીય ખાદ્ય પ્રસંસ્કરણ ક્ષેત્ર છે.

ભારતમાં ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગમાં તાજેતરના વર્ષોમાં નોંધપાત્ર વૃદ્ધિ થઈ છે અને તેમાં આગળ સતત વૃદ્ધિની પ્રચંડ સંભાવના છે. પ્રોસેસિંગ મારફતે મૂલ્ય સંવર્ધન ફૂડ પ્રોસેસિંગ ક્ષેત્રને મુખ્ય ક્ષેત્રોમાંનું એક બનાવે છે, જે ભારતની કૃષિ પરિદ્રશ્યમાં પરિવર્તન લાવી શકે છે અને ખેડૂતોની આવક બમણી કરવા માટે દબાણમાં પ્રદાન કરી શકે છે. સાતત્યપૂર્ણ વપરાશ અને ઉત્પાદનની પેટર્નને સુનિશ્ચિત કરવાના સંયુક્ત રાષ્ટ્રના સાતત્યપૂર્ણ વિકાસ લક્ષ્યાંક (એસડીજી)ને ધ્યાનમાં રાખીને ખાદ્ય પદાર્થોના બગાડમાં ઘટાડા પર ભાર મૂકવામાં આવ્યો છે. પ્રોસેસિંગ ટેકનિકમાં નવીનતા, સ્થાયી સોર્સિંગ, પુનઃપ્રક્રિયા અને કૃષિ પેદાશોના અસરકારક ઉપયોગ મારફતે ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગ ખાદ્ય કચરામાં ઘટાડો કરવામાં ઉત્પ્રેરક બની શકે છે, જે બહુવિધ એસડીજીની પ્રાપ્તિમાં પ્રદાન કરે છે.

તાજેતરના વર્ષોમાં તેના સતત ઊંચા વિકાસ દર અને ભવિષ્યના પ્રભાવશાળી અંદાજોને ધ્યાનમાં રાખીને, ખાદ્ય પ્રસંસ્કરણ ઉદ્યોગ ભારતના આર્થિક વિકાસના નિર્ણાયક પરિબળોમાંનો એક બની રહેશે. ભારત સરકારે આ ક્ષેત્રના વિકાસને વધારવા માટે અનેક નીતિગત પહેલો હાથ ધરી છે.



પ્રધાનમંત્રી કિસાન સંપદા યોજના (પીએમકેએસવાય) કેન્દ્ર સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલી એક યોજના છે, જેનો ઉદ્દેશ ફૂડ પ્રોસેસિંગ ક્ષેત્રમાં આધુનિક માળખાગત સુવિધાઓ ઊભી કરવાનો છે. આ યોજનાથી આસપાસના નોંધપાત્ર રોકાણનો લાભ મળવાની અપેક્ષા છે. રૂ.૧૧,૦૦૦ કરોડના રોકાણની અપેક્ષા છે, જેણે ૫.૪૪ લાખ રોજગારીનું સર્જન કર્યું છે અને ખાદ્ય પ્રસંસ્કરણ ઉદ્યોગને મજબૂત પ્રોત્સાહન પૂરું પાડ્યું છે. માઈક્રો ફૂડ પ્રોસેસિંગ એન્ટરપ્રાઈઝીસ (પીએમએફએમઈ)નું પીએમ ઔપચારિકરણ અન્ય એક કેન્દ્ર પ્રાયોજિત યોજના છે, જેનો ઉદ્દેશ માઈક્રો ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગસાહસોને ઔપચારિક ક્ષેત્રમાં સામેલ કરવામાં મદદ કરવાનો છે. રૂ.૧૦,૦૦૦ કરોડનાં ખર્ચે, ૨,૦૦,૦૦૦ માઈક્રો એકમોને કેપિટલ લિન્કડ સબસિડી પ્રદાન કરશે. પીએમએફએમઈ હેઠળ ૧૫ ધિરાણ આપતી બેંકો સાથે સમજૂતી કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે અને ૨૫ રાજ્યો માટે પ્રોજેક્ટ અમલીકરણ યોજનાઓને મંજૂરી આપવામાં આવી છે. કેન્દ્ર સરકારનું લક્ષ્ય પ્રોડક્શન લિન્કડ ઈન્સેન્ટિવ સ્કીમ ફોર ફૂડ પ્રોસેસિંગ ઈન્ડસ્ટ્રી (પીએલઆઈએસએફપીઆઇ) મારફતે ભારતીય ફૂડ બ્રાન્ડ્સને નાણાકીય સહાય પૂરી પાડવાનું પણ છે જે રૂ.૧૦,૯૦૦ કરોડની યોજના છે. આ યોજના દ્વારા ફૂડ પ્રોસેસિંગ ક્ષેત્રમાં રૂ.૩૩,૦૦૦ કરોડ અને ૨.૫ લાખ નોકરીઓનું સર્જન સાથે ઉત્પાદન વધારવામાં મદદ મળશે તેવી અપેક્ષા છે.

ભારત સરકારનાં વિઝનને ઉજાગર કરતી મહત્ત્વપૂર્ણ પહેલ 'વર્લ્ડ ફૂડ ઈન્ડિયા' છે, જે સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય ભાગીદારી સાથેનું વૈશ્વિક આયોજન છે. આ મેગા ઈવેન્ટમાં દુનિયાભરના રોકાણકારો, નેતાઓ અને ભાગીદારોને ફૂડ પ્રોસેસિંગ ક્ષેત્રમાં ભારતની સંભવિતતા પ્રદર્શિત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. વર્ષ ૨૦૧૭માં વર્લ્ડ ફૂડ ઈન્ડિયા (ડબલ્યુએફઆઈ)ની પ્રથમ આવૃત્તિને નોંધપાત્ર સફળતા મળી હતી અને તેમાં ૬૧ દેશો અને ૨૭ રાજ્યોના નેતાઓ, પ્રતિનિધિઓ અને સહભાગીઓને આવકારવામાં આવ્યા હતા. વર્લ્ડ ફૂડ ઈન્ડિયા, ૨૦૧૭ પણ રોકાણને સરળ બનાવવામાં અભૂતપૂર્વ સફળતા સાબિત થઈ છે, જે આ ઉદ્યોગમાં પરિવર્તનશીલ વિકાસને પ્રેરિત કરશે.

ખાદ્ય પ્રસંસ્કરણ ઉદ્યોગ મંત્રાલય (એમઓએફપીઆઈ) વર્ષ ૨૦૨૩માં વિશ્વ ખાદ્યાન્ન ભારત (ડબ્લ્યુએફઆઈ)ની બીજી આવૃત્તિનું આયોજન કરવા જઈ રહ્યું છે, જે ખરા અર્થમાં વૈશ્વિક સ્તરે ભારતીય અને વૈશ્વિક ખાદ્ય પ્રસંસ્કરણ ઉદ્યોગોનું સમન્વય છે. ભારતના ખાદ્ય પ્રસંસ્કરણ ઉદ્યોગમાં નિકાસની નોંધપાત્ર સંભવિતતા છે. વૈશ્વિક ઉદ્યોગના ખેલાડીઓ સાથે જોડાઈને, ભારતીય વેપાર-વાણિજ્ય પ્રોસેસ્ડ ફૂડ માટે આ આકર્ષક નિકાસ બજારોમાં પ્રવેશ કરી શકે છે.

ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગ પ્રાથમિક ક્ષેત્ર પર બનાવવામાં આવ્યો છે કારણ કે પ્રોસેસિંગ કૃષિ ઈનપુટ્સથી શરૂ થાય છે. દુનિયામાં બીજા ક્રમનું સૌથી મોટું કૃષિ ઉત્પાદન ધરાવતું ભારત વર્ષોથી ફૂડ પ્રોસેસિંગ ક્ષેત્રમાં અતિ ઊંચી વૃદ્ધિને જાળવી રાખવા માટે સૌથી વધુ આરામદાયક સ્થિતિમાં છે. ઉપરાંત, ભારતમાં ફૂડ પ્રોસેસિંગનું સ્તર ૧૦ ટકાની આસપાસ રહે છે, જે મોટા પાયે વણખેડાયેલી સંભવિતતા દર્શાવે છે.

સંવર્ધિત શહેરીકરણ, ઊંચી આવક અને અનુકૂળ ખાદ્ય પસંદગીઓને કારણે પ્રોસેસ્ડ ફૂડની વૈશ્વિક માગમાં સતત ૪ ટકાના દરે વધારો થઈ રહ્યો છે. તેની વિશાળ વસ્તી, આવકનું સ્તર વધતું જાય છે અને મજબૂત આર્થિક વૃદ્ધિ સાથે ભારત રોકાણ માટેનું એક આશાસ્પદ સ્થળ છે, તેનો ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગ સૌથી વધુ વિશ્વસનીય ક્ષેત્રોમાંના એક તરીકે ચમકી રહ્યો છે.

ભારત ૫ ટ્રિલિયન ડોલરનું અર્થતંત્ર બનવા તરફ આગળ વધી રહ્યું છે, ત્યારે ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગ મુખ્ય ભૂમિકા ભજવવાની તૈયારીમાં છે. નવીનતા, રોકાણ અને નીતિગત સમર્થનના યોગ્ય મિશ્રણ સાથે, તે આ મહત્વાકાંક્ષી લક્ષ્યમાં નોંધપાત્ર યોગદાન આપી શકે છે. વર્લ્ડ ફૂડ ઈન્ડિયા ૨૦૨૩ સાથે ભારતની ક્ષમતા અતુલ્ય વૈશ્વિક ધ્યાન આકર્ષિત કરશે. ભારતની વિકાસગાથા સાથે એક બહેતર વૈશ્વિક ભવિષ્યને આગળ ધપાવવા માટે, ભારતીય ફૂડ પ્રોસેસિંગ સંભવિતતાનો લાભ ઉઠાવવા માટે, સ્થાનિક અને વિદેશી રોકાણકારો અને વૈશ્વિક ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગ માટે આ યોગ્ય સમય છે. વર્લ્ડ ફૂડ ઈન્ડિયા ૨૦૨૩ એક સીમાચિહ્નરૂપ ઘટના બનવા જઈ રહ્યું છે અને તે ભારતીય ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગના પ્રવેશદ્વાર તરીકે છે, જે ભારતની સંભવિતતા સાથે વૈશ્વિક પડકારોનો સામનો કરશે.

શ્રીમતી અનિતા પ્રવીણ દ્વારા
સચિવ, ખાદ્ય પ્રસંસ્કરણ ઉદ્યોગ

સમ્પન્न
सम्पन्न जीवन, निश्चिन्त जीवन

**દૂરસંચાર વિભાગે સંપન્ન (SAMPANN) પોર્ટલ બનાવ્યું છે...**

**જે એક સીમલેસ પેન્શન પ્રોસેસિંગ સિસ્ટમ છે અને પેન્શન પ્રોસેસિંગ, મંજૂરી, અધિકૃતતા અને ચુકવણીને એક સામાન્ય પ્લેટફોર્મ હેઠળ લાવ્યું છે. આ પોર્ટલે પેન્શનના વિતરણ માટે બેંકો અથવા પોસ્ટ ઓફિસ જેવા કોઈપણ મધ્યસ્થીઓની જરૂરિયાતને દૂર કરી છે.**

# વડોદરા કલેક્ટર કચેરીના કોન્ફરન્સ હોલ ખાતે ડિજિટલ લાઇફ સર્ટિફિકેટ માટે કેમ્પ યોજાયો

**આ પોર્ટલે પેન્શનના વિતરણ માટે બેંકો અથવા પોસ્ટ ઓફિસ જેવા કોઈપણ મધ્યસ્થીઓની જરૂરિયાતને દૂર કરી છે, સંપન્નમાં, પેન્શનર્સનું પોતાનું ડેશબોર્ડ હોય છે જેમાં પેન્શનની તમામ વિગતો ઉપલબ્ધ હોય છે**

કન્ટ્રોલર ઓફ કોમ્યુનિકેશન એકાઉન્ટ્સ, ગુજરાત (સીસીએ ગુજરાત) એ ભારત સરકારના સંદેશાવ્યવહાર મંત્રાલયના ટેલિકોમ્યુનિકેશન્સ વિભાગનું ફિલ્ડ યુનિટ છે અને તે ગુજરાત ટેલિકોમ સર્કલના ટેલિકોમ લાઇસન્સધારકો માટે રેવન્યુ એસેસમેન્ટ ઓથોરિટી અને ગુજરાતભરના ટેલિકોમ પેન્શનર્સ માટે પેન્શન મંજૂરી અને પેન્શન વિતરણ સત્તામંડળ છે. દૂરસંચાર વિભાગે સંપન્ન (SAMPANN) પોર્ટલ બનાવ્યું છે, જે એક સીમલેસ પેન્શન પ્રોસેસિંગ સિસ્ટમ છે અને પેન્શન પ્રોસેસિંગ, મંજૂરી, અધિકૃતતા અને ચુકવણીને એક સામાન્ય પ્લેટફોર્મ હેઠળ લાવ્યું છે. આ પોર્ટલે પેન્શનના વિતરણ માટે બેંકો અથવા પોસ્ટ ઓફિસ જેવા કોઈપણ મધ્યસ્થીઓની જરૂરિયાતને દૂર કરી છે, સંપન્નમાં, પેન્શનર્સનું પોતાનું ડેશબોર્ડ હોય છે જેમાં પેન્શનની તમામ વિગતો ઉપલબ્ધ હોય છે, તેઓ તેમના ઘરોની આરામથી તેમના ડેશબોર્ડ દ્વારા, જો કોઈ ફરિયાદ, જો કોઈ હોય તો, પણ નોંધાવી શકે છે, જે પછી આ ઓફિસ દ્વારા તાત્કાલિક ધ્યાન આપવામાં આવે છે. હાલમાં આ કચેરી સંપન્ન દ્વારા સમગ્ર ગુજરાતમાં ૩૦૦૦૦ જેટલા ટેલિકોમ પેન્શનરોને પેન્શનનું વિતરણ કરે છે.

પેન્શન અને પેન્શનર્સ કલ્યાણ વિભાગના સહયોગથી આ કચેરી દ્વારા નવેમ્બર માસમાં ગુજરાતભરમાં નેશનલ વાઈડ ડિજિટલ લાઈફ સર્ટીફીકેટ કેમ્પેઈન ૨.૦નું આયોજન કરવામાં આવ્યું છે. જીવન પ્રમાણપત્ર એ પેન્શનરો દ્વારા તેમના પેન્શનને ચાલુ રાખવા માટે કરવામાં આવતી એક મહત્વપૂર્ણ વાર્ષિક પ્રવૃત્તિ છે. ટેલિકોમ પેન્શનર્સ માટે સંપન્ન દ્વારા, લાઈફ સર્ટિફિકેટ વર્ષમાં કોઈ પણ સમયે આપી શકાય છે અને તે બાર મહિના માટે માન્ય છે. એલ.સી./ડી.એલ.સી.ની રજૂઆતની પ્રક્રિયાને સરળ બનાવવા માટે આ કચેરી દ્વારા સમગ્ર ગુજરાતમાં એલસી/ડીએલસી કેમ્પનું આયોજન કરવામાં આવી રહ્યું છે, જેમાં આપણા પેન્શનરો માટે "જીવન જીવવાની સરળતા" વધારવા માટે આધાર આધારિત બાયોમેટ્રિક સિસ્ટમ અને ફેસ ઓથેન્ટિકેશન એપ મારફતે એલસી/ડીએલસીનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ ઉપરાંત આ કચેરી દ્વારા ગુજરાત રાજ્યના વિવિધ જિલ્લાઓમાં આ પ્રકારના એલસી/ડીએલસી કેમ્પની શ્રેણીનું આયોજન કરવામાં આવશે. આ પ્રકારનો પ્રથમ કેમ્પ આજે કલેકટર કચેરી, વડોદરાના કોન્ફરન્સ હોલ ખાતે યોજવામાં આવ્યો હતો.



# મરિન એન્જિનિયરિંગ અને નોટિકલ સાયન્સમાં પોતાની કેરિયર બનાવી શકાય છે

જો તમને દરિયાઇ લહેર પોતાની તરફ આકર્ષિત કરે છે તો આ ક્ષેત્રમાં પણ એક સફળ કેરિયર બનાવી શકાય છે. સાથે સાથે આ ક્ષેત્રે સફળ કેરિયર બનાવવા અંગે વિચારણા કરી શકાય છે.દરિયાઇ લહેરને લઇને પસંદ કરનાર અને સાહસી વિચારધારા ધરાવતા યુવાનો મરીન એન્જિનિયરિંગમાં કેરિયર બનાવી શકે છે મરિન એન્જિનિયરિંગ અને નોટિકલ સાયન્સના ક્ષેત્રમાં પોતાની કેરિયર બનાવી શકાય છે. આ ક્ષેત્રમાં શરૂઆતમાં જ પગાર ધોરણ પણ ખુબ સારા રહેલા છે. મરિન એન્જિનિયરિંગ ખુબ જ પડકારૂપ ભરેલી કેરિયર છે. કારણ કે ખુબ વધારે સમય સુધી જહાજોમાં પણ રહેવાની ફરજ પડે છે. અલબત્ત આના કારણે દેશ વિદેશમાં ફરવા માટેની તક પણ મળે છે. આવી સ્થિતીમાં તમે રોમાંચની લહેર પર કેરિયર જહાજ ચલાવી શકો છો. જો તમે બીટેક મરિન એન્જિનિયરિંગ અથવા તો બીએસસી નોટિકલ સાયન્સ કોર્સ કરી ચુક્યા છો તો આપના માટે



નોકરીની અનેક તક રહેલી છે. આ સંબંધમાં માહિતી વિદ્યાર્થીઓ માટે ખુબ ઉપયોગી સાબિત થઇ શકે છે. ડીજી શિપિંહ ઇન્સ્ટીટ્યુટ ઓફ ઇન્ડિયાના મરિન પ્રોગ્રામમાં એડમિશન માટે કેએલ મરિન એન્ટ્રેસ એગ્ઝામનુ આયોજન કરવામાં આવે છે. આ એન્ટ્રેસ ટેસ્ટ મારફતે ખુબ મરિન એન્જિનિયરિંગ કોલેજોમાં બીટેક મરિન એન્જિનિયરિંગ અને બીએસસી નોટિકલ સાયન્સમાં પ્રવેશ આપવામાં આવે છે. ચાર વર્ષીય ડિગ્રી કોર્સ બીટેક મરિન એન્જિનિયરિંગ ડાયરેક્ટર જનરલ ઓફ શિપિંગ, ભારત સરકાર અને ઓલ ઇન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનોલોજી એજ્યુકેશનથી મંજુર કરવામાં આવ્યા છે.

બીજી બાજુ બીએસસી નોટિકલ સાયન્સ પણ ડાયરેક્ટર જનરલ શિપિંગ, ભારત સરકાર અને સંબંધિતોથી માન્યતા પ્રાપ્ત છે. આ કોર્સમાં વિદ્યાર્થીઓને નેવિગેશન, વોચ કિપિંગ, શીમેન શિપ, કાર્ગો, બ્રિજ ઇક્વિપમેન્ટ જેવી બાબતોમાં ટ્રેનિંગ આપવામાં આવે છે. આ કોર્સને પૂર્ણ કરીને તમે મરિન એન્જિનિયરિગ અને નોટિકલ સાઇન્સના ક્ષેત્રમાં શાનદાર માહિતી મેળવી શકો છો. સાથે સાથે એક શાનદાર કેરિયર નિર્માણની તક મળી શકે છે. બીટેક મરિન એન્જિનિયરિંગ અને બીએસસી નોટિકલ સાયન્સ માટે અરજી કરનારની લાયકાતની વાત કરવામાં આવે તો કોઇ પણ માન્યતાપ્રાપ્ત બોર્ડમાંથી ૧૨માં ભૌતિક શાસ્ત્ર, કેમિસ્ટ્રી અને ગણતિમાં ઓછામાં ઓછા ૬૦ ટકા માર્ દ રહે તે જરૂરી છે. સાથે સાથે ધોરણ ૧૦માં અને ૧૨માં ઇંગ્લિશ વિષયમાં ઓછામાં ઓછા ૫૦ ટકા માર્ક રહે તે જરૂરી છે. બીટેક માટે ઉમેદવારમાં રિટન અને સ્પોકન ઇંગ્લિશમાં કુશળતા રહે તે જરૂરી છે.

આ પ્રવેશ પરીક્ષામાં ઉપસ્થિત રહેતા પહેલા ઉમેદવારને આ બાબતનુ ધ્યાન રાખવુ જોઇએ કે તેની વય ટ્રેનિંગ કાર્યક્રમ શરૂ થતા પહેલા ૨૫ વર્ષથી વધારે હોવી જોઇએ નહીં. આની સાથે જ કોઇ બહારની સહાય વગર અથવા તો ૬-૬ આઇ સાઇટ રહે તે જરૂરી છે. કલર બ્લાઇન્ડસનેસ પણ ન રહેવી જોઇએ. અત્રે નોંધ લેવા લાયક બાબત એ છે કે પ્રવેશ મેળવતી વેળા ઉમેદવારના મેડિકલ ટેસ્ટ ડીજી શિપિંગ ભારત સરકાર દ્વારા રહે તે જરૂરી છે. આ ફિલ્ડમાં કેટલાક શાનદાર કેરિયર વિકલ્પ છે. જેમાં નેવિગેશન ઓફિસર, મરિન એન્જિનિયરિંગ, ક્રુ મેમ્બર્સનો સમાવેશ થાય છે. એક ઓનલાઇન અરજી ફોર્મ ભરવાની જરૂર હોય છે. ફોર્મ ભરતી વેળા કોઇ પણ ખોટી માહિતી ન જાય તેની કાળજી રાખવામાં આવે તે જરૂરી છે. અરજી ફોર્મની સાથે નિર્ધારિત રેજિસ્ટ્રેશન ફિ પણ ઓનલાઇન જ જમા કરવામાં આવે છે.દેશના પ્રમુખ શહેરોમાં પરિક્ષા યોજવામાં આવે છે. ૧૮૦ મિનિટની અવધિ હોય છે. જેમાં મલ્ટીપલ ચોઇસ ટાઇપના ૨૦૦ સવાલ પુછવામાં આવે છે. જેમાં મેથ્સ, સાયન્સ, જનરલ નોલેજના પ્રશ્નો પણ હોય છે. પેપર હિન્દી અથવા તો ઇંગ્લિશ કોઇ પણ માધ્યમમાં આપી શકા છે. મરિન એન્જિનિયરિગમાં ખુબ શાનદાર કેરિયર છે. પગાર પણ ખુબ ઉંચા મળે છે. કેરિયરમાં આગળ વધવા માટે સાહસ ખુબ જરૂરી હોય છે.



Cyber Octet™

## CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

**BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD**

# Learn Ethical Hacking & Cyber Security

## WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

## ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now

C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com

A Project By
GIRIVAR BUILDCON

અલ્ટ્રા અમેનીટીઝ સાથે,
પ્રાઈમ લિવિંગ
@ NEW SHAHIBAUG

Sreevas
3 BHK & SHOPS



+91 95370 00497 | 77779 20026
Near S.B. Farm, New Shahibaug, Nana Chiloda - 382330
RERA NO. PR/GJ/AHMEDABAD/AHMEDABAD CITY.AUDA/MAA11835/230523 | GUJRERAR1.GUJARAT.GOV.IN
FOR LOCATION

**૧૫ ઓગસ્ટે 'ખેલ ખેલ મેં' થિએટરમાં રિલીઝ થશે**

# તાપસી પન્નુએ એક પછી એક ૧૧ ફિલ્મો કરવાનું ક્યારેય વિચાર્યું ન હતું



હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં કોઈ એક્ટ્રેસ હોય, જે પેન્ડેમિક પછી સૌથી વધુ ૧૪ ફિલ્મ રિલીઝના અક્ષય કુમારના રેકોર્ડને મેચ કરી શકે, તે છે તાપસી પન્નુ. એ બોલિવૂડની એક માત્ર એવી એક્ટ્રેસ છે જેની ઓગસ્ટમાં જ આ વર્ષની ૧૧મી ફિલ્મ રિલીઝ થવાની તૈયારીમાં છે. તાપસીએ હમણા એક ઈન્ટરવ્યૂમાં કહ્યું, 'તેણે આવું કશું વિચાર્યું નહોતું.' ૨૦૨૧થી 'ફિર આયી હસીન દિલરૂબા' તેની ૧૦મી રિલીઝ છે. જ્યારે ૨૦૨૦માં કોરોનાના કારણે લોકડાઉન આવ્યું એ પહેલાં અનુભવ સિંહાની 'થપ્પડ' તેની છેલ્લી ફિલ્મ હતી. ત્યાર પછી તેની ફિલ્મોની લાઈન લાગી છે. 'હસીન દિલરૂબા'થી લઈને વિજય સેતુપતિની 'એનાબેલ સેતુપતિ', 'રશ્મિ રોકેટ', 'લૂપ લપેટા', તેલુગુ કોમેડી 'મિશન ઈમ્પોસિબલ', મૈથિલી રાજની બાયોપિક 'શાબાશ મિઠ્ઠુ', અનુરાગ કશ્યપની 'દોબારા', તેના પોતાના પ્રોડક્શનની 'બ્લર' અને શાહરૂખ ખાન સાથે 'ડંકી' ફિલ્મ આવી ચૂકી છે. આ અંગે તાપસીએ કહ્યું,''મને ખબર નથી કે આ ફિલ્મો મેં ધારી હતી એવી રીતે રજૂ થઈ શકી કે નહીં. મેં મારા સફળ વર્ષને ઓવર પ્લાનિંગ કરવાની ભૂલ કરી છે, જ્યાં મેં વિચાર્યું હતું કે દર વર્ષે હું બે ફિલ્મ કરીશ. ૨૦૨૦માં 'થપ્પડ' આવી અને ૫ છી 'હસીન દિલરૂબા' રિલીઝ થવાની હતી, પરંતુ ૫ છી લોકડાઉન આવી ગયું, તેથી દોઢ વર્ષ સુધી કશું જ રિલીઝ થયું નહીં.''

# કેન્સર સામે ઝઝૂમી રહેલી હિના ખાને કરાવ્યું મુંડન

**'માનસિક રીતે મજબૂત રહેવું ખૂબ જ જરૂરી'**



પ્રખ્યાત ટીવી અભિનેત્રી હિના ખાન ત્રીજા સ્ટેજના કેન્સરથી પીડિત છે. અભિનેત્રી સતત તેના સ્વાસ્થ્યના અપડેટ ફેન્સ સાથે શેર કરતી રહે છે. થોડા સમય પહેલા અભિનેત્રીએ એક વીડિયો શેર કર્યો હતો, જેમાં તેણે પોતાના વાળ કપાવવાની માહિતી આપી હતી. કીમોથેરાપી સેશન દરમિયાન વાળ ખરવા લાગે છે. હવે અભિનેત્રીએ એક લેટેસ્ટ વીડિયો શેર કર્યો છે, જેમાં તે માથું મુંડતી જોવા મળી રહી છે. હિનાએ ઈન્સ્ટાગ્રામ પર વિડિયો શેર કર્યો અને કહ્યું કે તેણે માથું મુંડાવવાનું નક્કી કર્યું કારણ કે તેના વાળ ધીરે ધીરે ખરતા જોઈ ખૂબ જ હતાશાજનક અને તણાવપૂર્ણ છે. આ સાથે, અભિનેત્રીએ તમામ કેન્સરના દર્દીઓ માટે એક પ્રેરક સંદેશ શેર કર્યો છે અને તેમને માનસિક રીતે મજબૂત રહેવા કહ્યું છે. હિનાએ શેર કરેલા વીડિયોમાં અભિનેત્રી ટ્રીમર વડે માથું મુંડતી જોવા મળી રહી છે. આ સાથે, તેણે ચાહકોને બતાવ્યું કે કેવી રીતે તેના વાળને સ્ટ્રોક કરીને, તેના હાથમાં મુઠ્ઠીભર વાળ આવે છે. હિના વિડિયોમાં કહે છે કે મારા શારીરિક સ્વાસ્થ્ય સાથે જે કંઈ પણ થઈ રહ્યું છે તેના વિશે હું ઘણું કરી શકતી નથી, પરંતુ હું તે બાબતોને નિશ્ચિતપણે ઠીક કરી શકું છું જેના પર મારું નિયંત્રણ છે. જો તમારું માનસિક સ્વાસ્થ્ય સારું હોય તો તમારું શારીરિક સ્વાસ્થ્ય ૧૦ ગણું સારું બને છે. માનસિક સ્વાસ્થ્ય મારા હાથમાં છે. આ પ્રવાસમાં મને શારીરિક પીડા થશે, પરંતુ હું માનસિક રીતે મજબૂત રહેવા માંગુ છું અને કોઈપણ પ્રકારનો તણાવ લેવા માંગતો નથી. આ આખા સત્ર દરમિયાન હિનાએ તેના ચહેરા પરથી સ્મિત જવા ન દીધું અને દરેકને માનસિક રીતે મજબૂત રહેવા વિનંતી કરી. વીડિયોના અંતે, હિના કહે છે,

# અજય દેવગન છેલ્લા ૧૫ વર્ષમાં સૌથી ઓછી ઓપનિંગ મેળવશે

**'ઓરોં મેં કહાં દમ થા'ના રિવ્યુ ખૂબ જ નેગેટિવ છે અને દર્શકોમાં ફિલ્મ વિશેની ચર્ચા નહિવત છે**



'ઓરોં મેં કહાં દમ થા'ના રિવ્યુ ખૂબ જ નેગેટિવ છે અને દર્શકોમાં ફિલ્મ વિશેની ચર્ચા નહિવત છે. એવું કહેવું ખોટું નહીં હોય કે ઘણા લોકોને ખબર પણ નથી કે અજય અને તબ્બુની આવી ફિલ્મ રિલીઝ થઈ રહી છે. બોલિવૂડ સ્ટાર અજય દેવગણે આ વર્ષે 'શૈતાન' જેવી મોટી હિટ ફિલ્મ આપી હતી. પરંતુ આ પછી તેની બીજી રીલિઝ થયેલી 'મેદાન' થિયેટરોમાં ખાસ કમાલ ના કરી શકી અને આ મોટા બજેટની ફિલ્મ ફ્લોપ સાબિત થઈ. અજયના ચાહકોને આશા હતી કે હવે તે ફરી એકવાર તેની નવી રિલીઝ 'ઓરોં મેં કહાં દમ થા' સાથે થિયેટરોમાં હિટ કરશે. અને આવી અપેક્ષાઓ કેમ ન હોવી જોઈએ... અજયની સાથે તબ્બુ પણ આ ફિલ્મમાં છે અને બંનેએ ઘણી મોટી હિટ ફિલ્મો આપી છે. ફિલ્મના બંને પાત્રો એક પરિપક્વ રોમેન્ટિક વાર્તા લઈને આવ્યા છે. 'ઓરોં મેં કહાં દમ થા'ના નિર્દેશક નીરજ પાંડે છે, જેમણે 'બેબી' અને 'સ્પેશિયલ ૨૬' જેવી મોટી સરપ્રાઈઝ હિટ ફિલ્મો આપી છે. પરંતુ આ નક્કર સંયોજન છતાં અજયની ફિલ્મ બોક્સ ઓફિસ પર નિષ્ફળ જતી હોય તેવું લાગી રહ્યું છે. અને ફિલ્મના એડવાન્સ બુકિંગના આંકડા આ વાતની સાક્ષી આપે છે... નિર્માતાઓએ પહેલા જ દિવસથી 'ઓર મે કૌન દમ થા' માટે ટિકિટો પર ઓફર્સની જાહેરાત કરી હતી. ૫ રંતુ 'વન વિથ વન ફ્રી' ટિકિટ હોવા છતાં દર્શકોને અજય અને તબ્બુની ફિલ્મમાં રસ હોય તેવું લાગતું નથી. રાષ્ટ્રીય સાંકળોમાં ફિલ્મનું એડવાન્સ બુકિંગ બોક્સ ઓફિસ પર ફિલ્મની સ્થિતિ વિશે જણાવે છે.

# કૂલી-કાલિયા જેવા હીરો આપવાનું ભૂલી જવાય છે



સાઉથ ઈન્ડિયન સિનેમા અને બોલિવૂડ વચ્ચે ફરી ચર્ચા શરૂ થઈ ગઈ છે, કારણ કે ૨૦૨૪માં ફરી તેલુગુ સિનેમાએ બોક્સ ઓફિસ પર હિન્દી ફિલ્મો કરતાં સારું પ્રદર્શન કર્યું છે. ૨૦૨૩માં બોલિવૂડને 'જવાન', 'ગદર' અને 'એનિમલ'ની રિલીઝ સાથે થોડા સમય માટે જીવતદાન મળી ગયું હતું પરંતુ ૨૦૨૪ આવતા દર્શકોનો પ્રેમ ફરી સાઉથના સિનેમા તરફ વળી ગયો છે. ખાસ કરીને નાગ અશ્વિનની 'કલ્કિ ૨૮૯૮ એડી' તેલુગુ અને હિન્દી બંને ભાષામાં વર્ષની સૌથી સફળ ફિલ્મ સાબિત થઈ છે. બોલિવૂડની ફિલ્મો ઓડિયન્સને ઈમ્પ્રેસ કેમ નથી કરતી? તે અંગે અલ્લુ અર્જુને બોલ્ડ ઓપિનિયન આપ્યો હતો. આ ઓપિનિયને વિગતે સમજાવતાં ડાયરેક્ટર નિખિલ અડવાણીએ કહ્યું હતું કે, કૂલી અને કાલિયા જેવા હીરો આપવાનું બોલિવૂડ ભૂલી ગયું છે.


# 'સિટાડેલ હની બની'માં સામંથા, વરુણે એક્શનની જમાવટ કરી

**મેં ક્યારેય વિચાર્યુ નહોતું કે હું એક્શન કરીશઃ સામંથા**

સિટાડેલના ફેન્સની આતુરતાનો અંત નજીક આવી રહ્યો છે. વરુણ ધવન અને સામંથા રુથ પ્રભુની એક્શન પેક્ડ સિરીઝ સિટાડેલનું ટીઝર ગુરુવારે લોંચ થઈ ગયું છે. આ પહેલા સિટાડેલ ફેન્સ પ્રિયંકાને આ એક્શન થ્રિલરમાં જોઈ ચૂક્યા છે. સિટાડેલ યુનિવર્સનું ઈન્ડિયન વર્ઝન 'હનીબની'નામથી ઓળખાય છે. જે થ્રિલ, જાસૂસીની એક જોરદાર સફર, રોમાન્સ અને પોતાની જાતની શોધની સફરથી ભરપૂર હશે. આ અઠવાડિયાની શરૂઆતમાં આ સિરીઝના મેકર્સ રાજ અને ડીકેએ એક્સ પર '૦૧.૦૮' લખીને આજની તારીખની જાહેરાત કરી હતી. જેવું તેમણે આ પોસ્ટ કર્યું એવા ફેન્સ ઉત્સાહમાં આવી ગયા હતા. આ સિરીઝમાં વરુણ ધવન અને સામંથા રુથ પ્રભુ ઉપરાંત કે કે મેનન, સિમરન, સોહમ મજમુદાર, શિવંકિત સિંહ પરિહાર, કાશ્વી મજમુદાર, સાકિબ સલીમ અને સિકંદર ખેર મહત્વના રોલમાં જોવા મળશે. આ સિરીઝ વિશે સામંથાએ કહ્યું હતું, ''મેં ક્યારેય વિચાર્યું નહોતું કે હું એક્શન કરીશ. પરંતુ આજે, મારા માટે, આ સિરીઝમાં હોવું એ જ મારી સૌથી મોટી જીત છે. કારણકે મને છેલ્લી ઘડી સુધી એવું હતું કે હું નહીં કરી શકું. મને નહોતું લાગતું કે હું સિટાડેલનો ભાગ બની શકીશ. મારે માત્ર ફિઝિકલ તૈયારી જ કરવી પડી હતી.



# શેફાલી શાહ અને જયદીપ અહલાવત સાથે થ્રિલર ફિલ્મ બનાવશે વિપુલ શાહ




વિપુલ શાહની 'હિસાબ' થી લૂંટના જોનરની ફિલ્મમાં એક થ્રિલર ફિલ્મનો ઉમેરો થશે. તેમણે ૨૦૦૨માં 'આંખે' બનાવી હતી, જેમાં અમિતાભ બચ્ચન, અક્ષય કુમાર અને પરેશ રાવલ જેવા કલાકારો હતા. આ ફિલ્મ ઘણી સફળ રહી હતી. ઘણા લાંબા સમય પછી તેઓ ફરી આ જોનરની ફિલ્મ બનાવવા જઈ રહ્યા છે. એક તરફ યશરાજનું સ્પાય યુનિવર્સ, બીજી તરફ રોહિત શેટ્ટીનું વીમેન કોપ યુનિવર્સ અને આ ફિલ્મ સાથે દર્શકો વિપુલ શાહના હાઈસ્ટ યુનિવર્સની આશા રાખે છે. 'હિસાબ'માં જયદીપ આઈાવત અને શેફાલી શાહ લીડ રોલમાં જોવામ મળશે. આ કલાકારોની પસંદગીને કારણે પણ દર્શકો ઘણા ઉત્સાહમાં છે. આ ફિલ્મ અંગે સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર,''આંખે પછી વિપ ુલ અમૃતલાલ શાહે બીજી લૂંટની સ્ટોરી આધારિત ફિલ્મ 'હિસાબ' સાથે આવતાં પહેલાં ઘણો સમય રાહ જોઈ છે. એવું પણ જાણવા મળ્યું છે તે તેઓ લૂંટના વિષય પર કેટલીક અન્ય સ્ક્રિપ્ટ પણ વાંચી રહ્યા છે. જેના પરથી 'હિસાબ' પછી ફિલ્મ બનશે. આ જોનરની ફિલ્મો માટે વિપુલનું આયોજન ઘણું મોટું છે.'' ભારતના દર્શકો માટે હાઈસ્ટ યુનિવર્સનો વિષય ઘણો નવો છે. ભારતીય ફિલ્મોમાં સ્પાય થ્રિલર અને હોરર થ્રિલર જેવી ફિલ્મો એકબીજા સાથે જોડાયેલી હોય એવું ઘણી વખત બન્યું છે પરંતુ હાઈસ્ટ પર ખાસ ફિલ્મો જોવા મળી નથી. શેફાલી શાહ ડિરેક્ટર વિપુલ શાહના પત્ની છે અને પોતાના પ્રભાવશાળી અભિનય દ્વારા વૈવિધ્યસભર ભૂમિકાઓ નીભાવી છે. તેમને 'દિલ્હી ક્રાઈમ' જેવી સિરીઝમાં જટિલ પાત્રો ભજવીને ઘણી સરાહના મેળવી છે. જયદીપ અહલાવત અને શેફાલી શાહના પાત્રોને 'થ્રી ઓફ અસ'ને ઘણી પ્રશંસા મળી હતી. આ બંને કલાકારો એવા છે જે પાત્રોમાં ઊંડાણ લાવવા માટે જાણીતાં છે.

# સલમાને લૉંચ કરી તો જાણે, ખોવાયેલાં બાળક જેવું લાગ્યું : ઝરીન

ઝરીન ખાને ૨૦૧૦માં 'વીર' ફિલ્મથી બોલિવૂડમાં ડેબ્યુ કર્યું હતું. સલમાન ખાને તેને લોંચ કરી હતી. એ વખતે દેખાવમાં સમાનતાને કારણે ઝરીન ખાનની સરખામણી કેટરિના કેફ સાથે થતી હતી. તાજેતરમાં જ ઝરીને એક પોડકાસ્ટમાં જણાવ્યું કે 'વીર' પછી તેનું જીવન કેવું થઈ ગયું હતું. ઝરીન ખાનને પૂછવામાં આવ્યું કે ફિલ્મમાં ડેબ્યુ કર્યા પછી તેને કેવું લાગ્યું અને તેનો અનુભવ કેવો રહ્યો. ત્યારે ઝરીને કહ્યું કે તેનો બહુ ખરાબ અનુભવ હતો અને તેને ઘણી ટીકાનો સામના કરવો પડ્યો હતો. ઝરીન માટે આ ફિલ્મ જીવન બદલનારી ક્ષણ હતી, તો ઝરીને કહ્યું કે શરૂઆતમાં તે બહુ ખુશ હતી કે તેની સરખામણી કેટરિના કૈફ સાથે થાય છે. તેણે કહ્યું,''મારા માટે, જે એક વજનદાર હોય, તેની સરખામણી કેટરિના સાથે થાય તે બહુ મોટી વાત હતી.'' જોકે, ઈન્ડસ્ટ્રીમાં કેટરિના જેવી દેખાતી હોવાથી તેની કૅરિઅર પર મોટું બૅકફાયર થયું. આ જ ૫ ોડકાસ્ટમાં ઝરીન ખાને યાદ કર્યું કે બોલિવૂડની જાણીતી હસ્તીઓ આ ફિલ્મની રિલીઝ બાદ તેને એરોગન્ટ ગણતાં હતાં. ઝરીને કહ્યું કે, તેને જાણે એક ''ખોવાયેલાં બાળક'' જેવું લાગતું હતું, જે ઈન્ડસ્ટ્રીમાં નવું હતું અને કોઈને ખાસ ઓળખતું નહોતું. તેણે કહ્યું,''હું ખચકાતી હતી, તેથી મૌન રહેતી હતી. તો એ લોકો એવું વિચારતા કે હું એરોગન્ટ છું. લોકો કહેતાં કે સલમાને મને લોંચ કરી એટલે હું આટલી એરોગન્ટ છું.'' ઝરીન ખાને આગળ કહ્યું, કે તેની સરખામણી થવા લાગી તો શરૂઆતમાં તો ગમ્યું પણ પછી હું ઘરમાં જ રહેવા લાગી. પરંતુ પછી લાગ્યું કે લાંબો વખત સુધી અપસેટ રહેવાનો કોઈ અર્થ નથી. પછી ઝરીન ખાન ઈન્ડસ્ટ્રીથી દૂર થઈ ગઈ.



# 'એનિમલ' પછી તૃપ્તિ સાથે બધાનું વર્તન બદલાઈ ગયું

**'ધડક ૨'ના સેટ પર થયેલા અનુભવ સિદ્ધાંત ચતુર્વેદીએ શેર કર્યા**

સિદ્ધાંત ચતુર્વેદી અને તૃપ્તિ ડીમરી 'ધડક ૨'માં ફરી એક નવી લવસ્ટોરીમાં એક સાથે આવી રહ્યાં છે. તેઓ બંને પહેલી વખત એક ફિલ્મમાં સાથે કામ કરતાં જોવા મળશે. સિદ્ધાંતે એક ઈન્ટરવ્યૂમાં તૃ પ્તિ અંગેનો ખુલાસો કર્યો છે કે, તેની કૉ સ્ટાર તૃપ્તિ સાથે 'એનિમલ'ની રિલીઝ પછી સેટ પર બધાનું વર્તન કઈ રીતે બદલાઈ ગયું હતું. તૃ પ્તિએ આ ફિલ્મમાં રણબીર કપૂર સાથે કામ કર્યું હતુ અને બધાથી વધુ લાઈમલાઈટ મેળવી હતી. આ ફિલ્મ રિલીઝ થઈ ત્યારે સિદ્ધાંત અને તૃપ્તિ ભોપાલમાં શૂટિંગ કરી રહ્યાં હતાં અને તેઓ પહેલાં જ દિવસે છેલ્લાં શોમાં ફિલ્મ જોવાં ગયાં. ફિલ્મ જોવા જતા પહેલા સિદ્ધાંત ટ્રેઈલર જોઈ ચૂક્યો હતો અને ગીતો પણ સાંભળ્યાં હતાં તેમજ તૃપ્તિ પાસે એ ફિલ્મમાં કામ કરવાના તેના અનુભવો વિશે પણ સાંભળ્યું હતું. આ વખતને યાદ કરતાં સિદ્ધાંતે કહ્યું,''એનિમલ રિલીઝ થઈ પછી તેના માટે બધાનું વલણ નોંધપાત્ર રીતે બદલાઈ ગયો હતું. પહેલાં સેટ પર તે ચા માગતી તો કોઈ સાંભળતું પણ નહીં. જેવી ફિલ્મ રિલીઝ થઈ, એ લોકો પૂછતાં તમે કઈ ચા પીશો – મસાલા ચા, ગ્રીન ટી વગેરે, વગેરે.'' સિદ્ધાંતે આગળ કહ્યું કે આ જોઈને તે તૃપ્તિને ચીડવતો હતો, પરંતુ તેની સાથે જે થયું તેમાં હું બહુ જ ખુશ હતો. સિદ્ધાંતને પણ દેશના બીજા યુવાનોની જેમ તૃપ્તિ પર ક્રશ હતો કે નહીં તે અંગે સિદ્ધાંતે કહ્યું,''એ સ્વીટ છે અને અમેઝિંગ છે પરંતુ હું જ્યાં કામ કરું છું. ત્યાં હું દિલ લગાવતો નથી.






## યુપીમાં ટ્રેનને ઉથલાવી દેવાનો વધુ એક પ્રયાસ

# બરેલી-વારાણસી એક્સપ્રેસ ૧૦ કિલો લાકડાના ટુકડા પર દોડી

। લખનૌ, તા.૨૬ ।

ઉત્તર પ્રદેશમાં ફરી એકવાર ટ્રેનને પાટા પરથી ઉતારવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. રેલવે ટ્રેક પર લાકડાનો ટુકડો પડેલો જોવા મળ્યો હતો. લાકડાનો ટુકડો ચાલતી ટ્રેન સાથે અથડાયો. ઉત્તર પ્રદેશમાં લખનૌથી નવી દિલ્હી રેલ માર્ગ પર આ મોટી દુર્ઘટના ટળી છે.સ્થાનિક અધિકારીઓએ જણાવ્યું કે આ લાકડાને મલિહાબાદ અને કાકોરી રેલવે સ્ટેશન વચ્ચેના રેલવે ટ્રેક પર મૂકવામાં આવ્યું હતું. બરેલી-વારાણસી એક્સપ્રેસ ટ્રેનમાં લાકડાનો ટુકડો ફસાઈ ગયો. ટ્રેન બે ફૂટ લાંબા અને ૧૦ કિલો વજનના લાકડાના ટુકડા સાથે અથડાઈ હતી.જોકે, લોકો પાયલોટે તરત જ ટ્રેન રોકી હતી. જેના કારણે મોટી દુર્ઘટના ટળી હતી. ઘટના બાદ તરત જ સ્ટેશન માસ્ટરને અપ અને ડાઉન ટ્રેક માટે ચેતવણી આપવામાં આવી હતી. ટ્રેકની તપાસ દરમિયાન અપ ટ્રેક પર લાકડાની ડાળી પણ મળી આવી હતી. જેના કારણે લગભગ બે કલાક સુધી ટ્રેનોનું સંચાલન બંધ રહ્યું હતું. સપ્ટેમ્બર મહિનામાં ઉત્તર પ્રદેશના કાનપુરમાં આવો જ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો. જ્યાં ભિવાની જતી કાલિંદી એક્સપ્રેસ પાટા પરથી ઉતરતા બચાવી લેવામાં આવી હતી. એક ભરેલો ગેસ સિલિન્ડર રેલવે ટ્રેક પર રાખવામાં આવ્યો હતો. બરાજપુર અને બિલ્હૌર વચ્ચે ૧૦૦ કિમીની ઝડપે દોડતી ટ્રેન જ્યારે ગેસ ભરેલા સિલિન્ડર સાથે અથડાઈ ત્યારે જોરદાર અવાજ આવ્યો.

### આઇડીએફ હુમલા અને સંરક્ષણ માટે સંપૂર્ણ રીતે તૈયાર

# બેલેસ્ટિક મિસાઈલ હુમલાનો જવાબ । ઈઝરાયેલે ઈરાનમાં દસ સૈન્ય સ્થળો ઉપર હવાઇ હુમલો કર્યો

**ઈરાન પર હવાઈ હુમલાને લઈને ઈઝરાયેલે થોડા સમય પહેલા જ વ્હાઈટ હાઉસને જાણ કરી હતી.આ સાથે ઈઝરાયેલે સીરિયાના દક્ષિણ અને મધ્યમાં સૈન્ય મથકો પર પણ હુમલો કર્યો**

। ઈરાન, તા.૨૬ ।

૧ ઓક્ટોબરના રોજ બેલેસ્ટિક મિસાઈલ હુમલાના જવાબમાં ઈઝરાયેલે ઈરાનમાં ૧૦ સૈન્ય લક્ષ્યો પર શનિવારે વહેલી સવારે હવાઈ હુમલો કર્યો. નેશનલ સિક્યોરિટી કાઉન્સિલના પ્રવક્તા સીન સેવેટે જણાવ્યું હતું કે સૈન્ય લક્ષ્યો પરના હુમલા ઈઝરાયેલ સામે ઈરાનના બેલિસ્ટિક મિસાઈલ હુમલાનો જવાબ છે. જો કે ઈરાનમાં કયા કયા સ્થળો પર હુમલો થયો છે તે અંગે હજુ કોઈ માહિતી નથી. અત્યાર સુધી ઈઝરાયેલે માત્ર એટલું જ કહ્યું છે કે તે સૈન્ય લક્ષ્યો પર હુમલો કરી રહ્યું છે. ફોક્સ ન્યૂઝના રિપોર્ટ અનુસાર, ઈરાન પર હવાઈ હુમલાને લઈને ઈઝરાયેલે થોડા સમય પહેલા જ વ્હાઈટ હાઉસને જાણ કરી હતી.આ સાથે ઈઝરાયેલે સીરિયાના



દક્ષિણ અને મધ્યમાં સૈન્ય મથકો પર પણ હુમલો કર્યો છે. સીરિયાની સરકારી સમાચાર એજન્સી એસએએનએના અહેવાલ મુજબ ઈઝરાયેલે સવારે લગભગ ૨ વાગ્યે દક્ષિણ અને મધ્ય સીરિયામાં અનેક સૈન્ય લક્ષ્યાંકો પર હુમલો કર્યો હતો. એસએએનએનું કહેવું છે કે એર ડિફેન્સ સિસ્ટમે કેટલીક મિસાઈલોને તોડી પાડી છે. હાલ અધિકારીઓ નુકસાનનું આકલન કરી રહ્યા છે.એક વિડિયોમાં, આઈડીએફના પ્રવક્તા રીઅર એડમિરલ ડેનિયલ હગારીએ જણાવ્યું હતું કે આઈડીએફ ઈઝરાયેલ સામે ઈરાનના હુમલાના જવાબમાં સૈન્ય લક્ષ્યો પર હુમલા કરી રહ્યું છે. ઈરાન અને આ ક્ષેત્રમાં તેના સહયોગી દેશો ૭ ઓક્ટોબર, ૨૦૨૩થી સતત ઈઝરાયેલ પર સાત મોરચે હુમલો કરી રહ્યા છે. આમાં, વિશ્વના દરેક સાર્વભૌમ દેશની જેમ, ઈઝરાયેલને પણ જવાબ આપવાનો અધિકાર છે. અમે ઈઝરાયેલ અને અમારા લોકોના રક્ષણ માટે જે જરૂરી હશે તે કરીશું.તેમણે કહ્યું કે આ સમયે નાગરિકો માટેના નિર્દેશોમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી, કારણ કે ઈરાનમાં હુમલા થઈ રહ્યા છે. હગારીએ કહ્યું કે હોમ ફ્રન્ટ કમાન્ડના નિર્દેશોમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. તમારે સાવચેત રહેવું જોઈએ અને માર્ગદર્શિકાઓનું પાલન કરવું જોઈએ.તેમણે કહ્યું કે ''હુમલા અને સંરક્ષણ માટે સંપૂર્ણ રીતે તૈયાર છે. અમે ક્ષેત્રમાં ઈરાન અને તેના સહયોગીઓની ગતિવિધિઓ પર નજર રાખી રહ્યા છીએ. ઈઝરાયેલ ઈરાન પર હુમલો કરી રહ્યું છે ત્યારે, વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂની ઑફિસે એક ફોટો જાહેર કર્યો છે.

## હાર્દિક પંડ્યા ટૂંક સમયમાં મોટું એલાન કરશે !

। નવી દિલ્હી, તા.૨૬ ।

ભારતીય ટીમનો સ્ટાર ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યા હાલ આરામ પર છે. પરંતુ શુક્રવારે તેણે ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટ કરી જેનાથી સનસનાટી મચી ગઈ છે. જેણે તેના ચાહકોમાં ઉત્સુકતા દીધી છે. જેથી હવે ઘણી અટકળો લગાવી રહ્યા છે.ગત વર્ષે આઈપીએલમાં મુંબઈ ઈન્ડિયન્સમાં તેની વાપસી કંઈ ખાસ રહી ન હતી. અને તેની કેપ્ટનશીપને લઈને ચાહકોએ ખૂબ ટીકા કરી હતી. આ સિવાય અંગત જીવનમાં પણ પત્ની નતાશા સ્તાનકોવિક સાથે છૂટાછેડા લીધા હતા. હાલમાં ભારતીય ટીમ ન્યૂઝીલેન્ડ સામે ટેસ્ટ સીરિઝ રમી છે. આ સીરિઝમાં પંડ્યા નથી રમી રહ્યો. પંડ્યાએ ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ શેર કરી હતી જેમાં તેણે લખ્યું હતું કે, 'હું જલ્દી કંઈક મોટી જાહેરાત કરીશ.' હવે આ પછી અનેક અટકળો લગાવવામાં આવી રહી છે. થોડા દિવસોમાં આગામી -૨૦૨૫ લઈને ઓકશન યોજાવનું છે. આ પહેલા ફ્રેન્ચાઈઝીએ ખેલાડીઓની રિટેન લીસ્ટ આપવાની છે. જેને લઈને કહેવાઈ રહ્યું છે કે કદાચ હાર્દિક મુંબઈને અલવિદા કહી શકે છે.

## ક્રિકેટર ડેવિડ વોર્નર પરથી હટ્યો આજીવન પ્રતિબંધ

। નવી દિલ્હી, તા.૨૬ ।

ઓસ્ટ્રેલિયન ક્રિકેટ ટીમનો શાનદાર ઓપનિંગ બેટર ડેવિડ વોર્નરે આ વર્ષે આંતરરાષ્ટ્રીય ક્રિકેટને અલવિદા કહી દીધું હતું. પરંતુ હવે ઓસ્ટ્રેલિયન ક્રિકેટ બોર્ડના એક નિર્ણયથી મોટી રાહત મળી છે. વર્ષ ૨૦૧૮માં દક્ષિણ આફ્રિકાના પ્રવાસ દરમિયાન કેપટાઉન ટેસ્ટ મેચમાં ડેવિડ વોર્નરને 'સેન્ડ પેપર' કૌભાંડમાં સામેલ હોવાને લીધે તેના પર ઓસ્ટ્રેલિયન ક્રિકેટ બોર્ડે દેશની કોઈપણ ટીમની કેપ્ટનશીપ કરવા પર આજીવન પ્રતિબંધ મૂક્યો હતો. હવે ઓસ્ટ્રેલિયન ક્રિકેટ બોર્ડે તેના પરથી આ પ્રતિબંધ હટાવી લીધો છે.હવે ક્રિકેટ ઓસ્ટ્રેલિયાના આ નિર્ણય બાદ આગામી બિગ બેશ લીગની સિઝનમાં સિડની થંડર ટીમનો હિસ્સો રહેલા ડેવિડ વોર્નર હવે કેપ્ટનશીપની જવાબદારી પણ સંભાળી શકશે. વોર્નર અંગે બોર્ડે દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં તેણે જણાવ્યું હતું કે, 'ક્રિકેટ ઓસ્ટ્રેલિયાના આચાર પંચે જેમાં ત્રણ સભ્યોની પેનલનો સમાવેશ થાય છે તેમણે સર્વસંમતિથી નિર્ણય લીધો હતો કે વોર્નર ૨૦૨૨માં આચાર સંહિતામાં થયેલા ફેરફારો બાદ તેના પર પ્રતિબંધ હટાવવા માટે જરૂરી માપદંડોને પૂરા કરે છે.' પેનલે આ નિર્ણય ડેવિડ વોર્નરની ભૂલની કબૂલાત અને ત્યારપછી તેના વર્તનમાં થયેલા ફેરફારને ધ્યાનમાં રાખીને લીધો છે.

### મહારાષ્ટ્રમાં ચૂંટણીના માહોલ વચ્ચે

# પુણેમાં વાનમાંથી ૧૩૮ કરોડના સોનાના દાગીના મળી આવ્યા

**જાણકારી અનુસાર તેનું વજન ૪૩૭ કિલોથી વધુ છે, ચૂંટણી પંચ અને પુણે પોલીસે મળીને આ મોટી રિકવરી કરી । સોનું જપ્ત કરવામાં આવ્યું નથી**

। નવી દિલ્હી, તા.૨૬ ।

મહારાષ્ટ્રમાં ચૂંટણીના માહોલ વચ્ચે પુણેમાં એક કાર્ગો કંપનીની વાનમાંથી ૧૩૮ કરોડ રૂપિયાના સોનાના દાગીના મળી આવ્યા છે. જાણકારી અનુસાર તેનું વજન ૪૩૭ કિલોથી વધુ છે. ચૂંટણી પંચ અને પુણે પોલીસે મળીને આ મોટી રિકવરી કરી છે. પુણેના કલેક્ટર અને ચૂંટણી અધિકારી સુહાસ દીવસે કહ્યું કે આ માત્ર એક કેચ છે. સોનું જપ્ત કરવામાં આવ્યું નથી. તેમણે કહ્યું કે તે એક કંપનીની વાન હતી જે નિયમિતપણે ઘરેણાંનું પરિવહન કરે છે. તેની પાસે કાગળો પણ હતા. જોકે, આવકવેરા વિભાગ દસ્તાવેજોની તપાસ કરી રહ્યું છે.કલેક્ટરે કહ્યું કે, જો દસ્તાવેજો સાચા જણાશે તો દાગીના તેમને સોંપવામાં આવશે. જો તેમની પાસે સાચા




કાગળો નહીં હોય તો તે જપ્ત કરવામાં આવશે. ૧૦ લાખથી વધુની કિંમતનો માલ અથવા ૧ કિલોથી વધુનું સોનું આવકવેરા વિભાગને સોંપવામાં આવે છે. તેમણે કહ્યું કે, ચૂંટણી દરમિયાન કોઈપણ પ્રકારની શંકાસ્પદ સામગ્રીની હિલચાલ પર બારીકાઈથી નજર રાખવામાં આવી રહી છે.ચૂંટણી પંચે તમામ ચૂંટણી અધિકારીઓને કિંમતી ધાતુઓ, ડ્રગ, રોકડ અને દારૂના પરિવહન પર કડક નજર રાખવા જણાવ્યું છે. પીએન ગાડગીલ જ્વેલર્સ, પુણેના ચેરમેન સૌરભ ગાડગીલે જણાવ્યું હતું કે કેટલીકવાર ગેરસમજ થાય છે. આ માલ કાયદેસરની મર્યાદામાં લઈ જવામાં આવતો હતો અને તેના બિલ ઈમેલ પર પણ ઉપલબ્ધ છે. આમાં કશું ગેરકાયદેસર નહોતું. ચૂંટણી પંચ અને પુણે પોલીસે મળીને આ મોટી રિકવરી કરી છે.

### બાબા સિદ્દીકી હત્યા કેસનું લુધિયાણા કનેક્શન

# બાબા સિદ્દીકીની હત્યામાં સામેલ આરોપી સુજીત કુમારની લુધિયાણાથી ધરપકડ

**આરોપી વિશે માહિતી મળી હતી કે તે મુંડિયનના રામનગર વિસ્તારમાં સ્થિત તેના સાસરિયાના ઘરે આવ્યો હતો**

। નવી દિલ્હી, તા.૨૬ ।

મહારાષ્ટ્ર એનસીપી નેતા બાબા સિદ્દીકીની હત્યામાં સામેલ એક આરોપીની લુધિયાણામાંથી ધરપકડ કરવામાં આવી છે. આરોપી સુજીત સિંહની લુધિયાણા પોલીસે ધરપકડ કરી છે અને તેને મુંબઈ ક્રાઈમ બ્રાન્ચની ટીમને સોંપવામાં આવ્યો છે.મહારાષ્ટ્રના પૂર્વ મંત્રી અને એનસીપી જૂથના મોટા નેતા અજિત પવાર જેમનો બોલિવૂડમાં સારો પ્રભાવ હતો. મુંબઈ ક્રાઈમ બ્રાન્ચની ટીમ અને લુધિયાણા કાઉન્ટર ઈન્ટેલિજન્સ તરફથી મળેલા ઈનપુટ્સ બાદ સીઆઈએ-૨ની ટીમે આ હત્યા કેસમાં સામેલ મુંબઈના ગેટકોપર કામરાજ નગર વિસ્તારના રહેવાસી આરોપી સુજીત કુમારની ધરપકડ કરી છે. સુજીત કુમાર મુંડિયાના રામ નગર વિસ્તારમાં પોતાના સાસરિયાના ઘરે આવ્યા હતો.આરોપીઓ વિશે ઈનપુટ મળ્યા પછી એડીસીપી અમનદીપ સિંહ બ્રારને ફરજ પર મૂકવામાં આવ્યા હતા. એડીસીપી ક્રાઈમ અમનદીપ સિંહ બ્રારની આગેવાની હેઠળની પોલીસ ટીમે આરોપી જ્યાં હતો તે વિસ્તારને ઘેરી લીધો અને તેની ધરપકડ કરી. આરોપી સુજીત કુમારે આરોપી નીતિનના ખાતામાં પૈસા જમા કરાવ્યા હતા, જેણે બાબા સિદ્દીકીની તમામ તપાસ કરી હતી. એડીસીપી ક્રાઈમ અમનદીપ સિંહ બ્રારે જણાવ્યું કે મુંબઈ ક્રાઈમ બ્રાન્ચના ઈન્સ્પેક્ટર શ્યામ નાયર અને ઈન્સ્પેક્ટર અરુણ થોરા પહોંચ્યા હતા. આ પછી લુધિયાણા કાઉન્ટર ઈન્ટેલિજન્સનાં ઈન્સ્પેક્ટર કૈલાશ અને ઈન્સ્પેક્ટર બિક્રમજીત સિંહની ટીમ તરફથી તેમના ઈનપુટ્સ અને ઈનપુટ્સ મળ્યા કે આરોપી સુજીત સિંહ આ કેસમાં પોલીસને વોન્ટેડ છે અને બાબા સિદ્દીકી હત્યા કેસમાં સામેલ છે.

## ન્યૂઝ બ્રિફ



## બાંગ્લાદેશમાં હવે શેખ હસીનાને લીધે રાષ્ટ્રપતિની ખુરશી જોખમમાં

। ઢાંકા, તા.૨૬ ।

બાંગ્લાદેશના પદભ્રષ્ટ વડાપ્રધાન શેખ હસીના બાંગ્લાદેશ છોડીને અત્યારે ભારતમાં રોકાયા છે. પરંતુ તેમને લઈને બાંગ્લાદેશમાં એક નવો વિવાદ ઊભો થયો છે. ગયા અઠવાડિયે એક બંગાળી દૈનિક સાથેની મુલાકાતમાં, રાષ્ટ્રપતિ શહાબુદ્દીને જણાવ્યું હતું કે તેમની પાસે કોઈ દસ્તાવેજી પુરાવા નથી કે હસીનાએ દેશ છોડતાં પહેલા વડાપ્રધાન પદેથી રાજીનામું આપ્યું હતું. રાષ્ટ્રપતિના આ નિવેદનને પગલે હસીનાને પદભ્રષ્ટ કરનાર વિદ્યાર્થીઓમાં ભારે રોષ વ્યાપી ગયો છે. વિદ્યાર્થી સંગઠનોએ હવે રાષ્ટ્રપતિને હટાવવાની માગ સાથે ઢાકા સહિત દેશમાં અનેક સ્થળોએ વિરોધ પ્રદર્શનો યોજ્યાં હતાં. વિદ્યાર્થી સંગઠનો દ્વારા ફરી એક વાર દેશને બાનમાં લેવાના પ્રયત્નો ચાલુ થયા છે. વિવાદ એટલી હદે વકર્યો છે કે રાષ્ટ્રપતિની ખુરશી હવે જોખમમાં આવી ગઈ છે.

## હાઈવે પર ટાયર બદલતાં લોકોને ટ્રકે મારી ટક્કર

। નવી દિલ્હી, તા.૨૬ ।

ઉત્તરપ્રદેશથી વધુ એક ગમખ્વાર અકસ્માતના અહેવાલ સામે આવી રહ્યા છે. અહીં બુલંદશહેરના કાસગંજથી ત્રણ મેક્સ ગાડીઓમાં અનાજ ભરીને જહાંગીરાબાદ મંડી વેચવા જતાં ત્રણ લોકો ટ્રકની અડફેટે આવી જતાં મૃત્યુ પામી ગયા. જોકે એક અન્યની હાલત ગંભીર હોવાની જાણકારી મળી રહી છે. અલીગઢ તરફથી આવતા એક ટ્રકે આ લોકોને ટક્કર મારી હતી. ત્રણેય લોકો હાઈવે પર તેમની ગાડી પંચર થઈ જતાં ટાયર બદલી રહ્યા હતા અને તે સમયે જ ટ્રકે તેમને ફંગોળી નાખ્યા હતા. આ ઘટના દાનપુર ગામ નજીક બની હતી. ઘટના બાદ અકસ્માત સર્જનારો ડ્રાઈવર ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. પોલીસે ઘટનાસ્થળે પહોંચીને આ મામલે વધુ તપાસ હાથ ધરી હતી. ત્રણેય મૃતકોની ઓળખ સતીશ ચંદ્ર, રામસિંહ, અને સંજુ તરીકે થઈ હતી. આ ત્રણેય લોકો કાસગંજના વતની હતા. દુર્ઘટનામાં વિજય નામના યુવકને ઈજાઓ પહોંચી હતી.

## હિમાચલમાં દરેક ક્ષણે રામની સરકાર ચાલી રહી છે : જયરામ ઠાકુર

। શિમલા, તા.૨૬ ।

વિપક્ષના નેતા અને ભૂતપૂર્વ સીએમ જયરામ ઠાકુરે કહ્યું કે મુખ્ય પ્રધાનની મીડિયા સ્પષ્ટતા થોડી મોડી હતી કારણ કે તેમને પાછલી તારીખની સૂચના મળી ન હતી. શિમલામાં આયોજિત પ્રેસ કોન્ફરન્સમાં જયરામે કહ્યું કે હિમાચલ પ્રદેશમાં વિચિત્ર સંજોગો ચાલી રહ્યા છે. સિસ્ટમ બદલાવાને બદલે સિસ્ટમ કોલેપ્સનું કામ ચાલી રહ્યું છે. હિમાચલના ઈતિહાસમાં આવું પહેલીવાર બન્યું છે, જે દુર્ભાગ્યપૂર્ણ છે. રાજ્યમાં જાહેરનામું બહાર પાડવામાં આવે છે, પછી પ્રતિક્રિયા આવે છે અને પછી તે બેકડેટેડ છે.

## રાહુલ ગાંધી મહારાષ્ટ્રમાં સીટ વહેંચણીથી નારાજ થયા!

। મુંબઈ, તા.૨૬ ।

કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ અને સાંસદ રાહુલ ગાંધી મહારાષ્ટ્રમાં બેઠકોની વહેંચણી મુદ્દે નારાજ હોવાની ચર્ચા છંછેડાઈ છે. મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીને લઈને કોંગ્રેસની કેન્દ્રીય ચૂંટણી સમિતિની બેઠક શુક્રવારે દિલ્હી પાર્ટી હેડક્વાર્ટરમાં મળી હતી. સૂત્રોના જણાવ્યાનુસાર,રાહુલ ગાંધી બેઠકમાંથી અધવચ્ચે જ નીકળી ગયા હતા. મહાવિકાસ અઘાડી સહયોગી શિવસેનાને કોંગ્રેસ પાર્ટીની પકડ હેઠળની સીટો ફાળવી દેવાથી તે નારાજ હોવાની ચર્ચા છે. સૂત્રોના જણાવ્યાનુસાર, કેન્દ્રીય ચૂંટણી સમિતિની બેઠકમાં રાહુલ ગાંધીએ વિદર્ભ અને મુંબઈ જેવા વિસ્તારોમાં કોંગ્રેસની મજબૂત અને ખાસ કરીને અનામત બેઠકો શિવસેના (યુબીટી)ને આપવાના મહારાષ્ટ્ર કોંગ્રેસના નેતાઓના નિર્ણય પર સવાલ ઉઠાવ્યા હતા. આ ઉપરાંત, તે એવા ઉમેદવારોના નામથી પણ નારાજ હતા જે સ્ક્રીનીંગ કમિટીએ સીઈસીને આપ્યા હતા. તેમણે કહ્યું કે, 'આ નામ રાજ્યના ઘણાં નેતાઓ પ્રત્યે પક્ષપાતની લાગણી પેદા કરે છે.'રાહુલ ગાંધીનું માનવું છે કે મહારાષ્ટ્ર કોંગ્રેસના નેતાઓએ સીટ વહેંચણી પર વાતચીત દરમિયાન તેમની ભૂમિકા યોગ્ય રીતે ભજવી ન હતી.

### વકફ બોર્ડે | સ્થાનિક તહસીલદારે જમીનના માલિક ખેડૂતોને નોટિસ મોકલીને તેમનો જવાબ માંગ્યો

# કર્ણાટકમાં ખેડૂતોની ૧૨૦૦ એકર જમીન પર દાવો કર્યો

। વિજયપુરા, તા.૨૬ ।

વક્ફ બોર્ડે કર્ણાટકના વિજયપુરામાં ખેડૂતોની ૧૨૦૦ એકર જમીનનો દાવો કર્યો છે. વક્ફ બોર્ડે ખેડૂતોને નોટિસ પણ જારી કરી છે. હવે વક્ફ બોર્ડની આ નોટિસ બાદ રાજકીય હલચલ તેજ થઈ ગઈ છે. વાસ્તવમાં, શાહ અમીનુદ્દીન દરગાહે વિજયપુરા જિલ્લાના હોનવાડા ગામમાં ૧૨૦૦ એકર જમીન પર પોતાનો અધિકાર વ્યક્ત કર્યો છે. સ્થાનિક તહસીલદારે જમીનના માલિક ખેડૂતોને નોટિસ મોકલીને તેમનો જવાબ માંગ્યો છે. દરમિયાન તિકોટા તાલુકાના હોનવાડા ગામના




ખેડૂતોએ આ અંગે સ્થાનિક ધારાસભ્ય અને કોંગ્રેસ સરકારમાં મંત્રી એમબી પાટીલને ફરિયાદ કરી છે.ખેડૂતોનો આરોપ છે કે સંબંધિત અધિકારીઓ આ વિસ્તારને શાહ અમીનુદ્દીન દરગાહ સાથે સંકળાયેલ મુસ્લિમોની ધાર્મિક સંસ્થા તરીકે નિયુક્ત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. તહેસીલદારે નોટિસ મોકલીને જૂના સરકારી રેકોર્ડને ટાંકીને જમીનોને વકફ બોર્ડની માલિકીની જાહેર કરી છે. ખેડૂતોના જણાવ્યા અનુસાર, રાજ્યના આવાસ, વક્ફ અને લઘુમતી કલ્યાણ વિભાગના પ્રધાન ઝમીર અહેમદ ખાને આ મહિનાની શરૂઆતમાં વક્ફ અધિકારીઓ સાથે બેઠક કરી હતી. આ બેઠકમાં વકફની જમીન પરના અતિક્રમણ અંગે ચર્ચા કરવામાં આવી હતી. આ ચર્ચાઓ બાદ સત્તાધીશોએ 'ગેરકાયદે અતિક્રમણ' હટાવવાનો પ્રયાસ કર્યો હતો અને તે અંતર્ગત આ વિવાદાસ્પદ નોટિસ મોકલવામાં આવી છે.ખેડૂતોને આપવામાં આવેલી નોટિસમાં કહેવામાં આવ્યું છે કે આ જમીન શાહ અમીનુદ્દીન દરગાહની છે. ખેડૂતોનું કહેવું છે કે આ દરગાહ સદીઓથી અસ્તિત્વમાં નથી, જ્યારે તેમના પરિવારો પેઢીઓથી આ જમીનોના માલિક છે. લગભગ ૪૧ ખેડૂતોને નોટિસ મળી છે અને તેમને માલિકીના દસ્તાવેજો આપવા માટે કહેવામાં આવ્યું છે. વક્ફ બોર્ડનો દાવો છે કે આ નોટિસ ૧૯૭૪ની ગેઝેટની જાહેરાત પર આધારિત છે. વક્ફ બોર્ડના જણાવ્યા મુજબ, રાજ્ય સરકાર દ્વારા જમીનને વક્ફ મિલકત તરીકે ઓળખવામાં આવી હતી અને તેને ગેઝેટેડ કરવામાં આવી હતી.

### યશસ્વી જાયસવાલ સિવાય બધા બેટરો ફ્લોપ

# ૧૨ વર્ષ બાદ ઈન્ડિયાની શરમજનક હાર, ન્યૂઝીલેન્ડે ઈતિહાસ રચ્યો

**પુણે ટેસ્ટ જીતવા માટે ભારતને ૩૫૯ રનનો ટાર્ગેટ મળ્યો હતો, જેના જવાબમાં ભારતીય ટીમ ૨૪૫ રન બનાવી ઓલઆઉટ થઈ ગઈ હતી**

। પુણે, તા.૨૬ ।

ન્યૂઝીલેન્ડ ક્રિકેટ ટીમે ઈતિહાસ રચી દીધો છે. પુણેમાં રમાયેલી બીજી ટેસ્ટ મેચમાં ભારતને ૧૧૩ રને હરાવી ત્રણ મેચની સિરીઝમાં ૨-૦ની અજેય સરસાઈ મેળવી લીધી છે. આ સાથે ભારતે ૧૨ વર્ષ બાદ ઘરઆંગણે ટેસ્ટ સિરીઝ ગુમાવી છે. ટોમ લાથમની આગેવાનીમાં બિનઅનુભવી ન્યૂઝીલેન્ડે ઈતિહાસના પાનામાં પોતાનું નામ નોંધાવી દીધું છે. પુણે ટેસ્ટ જીતવા માટે ભારતને ૩૫૯ રનનો ટાર્ગેટ મળ્યો હતો. જેના જવાબમાં ભારતીય ટીમ ૨૪૫ રન બનાવી ઓલઆઉટ થઈ ગઈ હતી. બીજી ઈનિંગમાં ભારતની સામે ટેસ્ટ મેચ જીતવા માટે પહાડ જેવો ટાર્ગેટ મળ્યો હતો. ભારતે જરૂર સારી શરૂઆત કરી હતી. ખાસ કરીને યશસ્વી જાયસવાલે કમાલની બેટિંગ કરી હતી. પરંતુ કેપ્ટન રોહિત શર્મા ફરી સસ્તામાં આઉટ થઈ ગયો હતો. રોહિત શર્મા ૮ રન બનાવી પેવેલિયન પરત ફર્યો હતો. યશસ્વી જાયસવાલે આક્રમક બેટિંગ કરતા માત્ર ૬૫ બોલમાં ૭૭ રન ફટકાર્યા હતા. યશસ્વીએ પોતાની ઈનિંગમાં ૯ ચોગ્ગા અને ત્રણ સિક્સ ફટકારી હતી. જાયસ્વાલ મિચેલ સેન્ટરનો શિકાર બન્યો હતો. ભારતે ૯૬ રનના સ્કોર પર બીજી વિકેટ ગુમાવી હતી. શુભમન ગિલ ૨૩ રન બનાવી આઉટ થયો હતો. ત્યારબાદ રિષભ પંત પણ શૂન્ય રને રનઆઉટ થઈ ગયો હતો. વિરાટ કોહલીએ જરૂર ૪૦ બોલ રમ્યા પરંતુ તે પણ ૧૭ રન બનાવી પેવેલિયન પરત ફરી ગયો હતો. જ્યારે સરફરાઝ ખાન ૯, વોશિંગટન સુંદર ૨૧ રન બનાવી પેવેલિયન પરત ફર્યા હતા. આર અશ્વિને ૧૮ રન બનાવ્યા હતા. ન્યૂઝીલેન્ડના લેફ્ટ આર્મ સ્પીનર મિચેલ સેન્ટનરે ભારતીય ટીમની કમર તોડી દીધી હતી. પ્રથમ ઈનિંગમાં ૫૩ રન આપી ૭ વિકેટ લીધા બાદ બીજી ઈનિંગમાં પણ સેન્ટનર સામે ભારતીય બેટરોનો ધબડકો થયો હતો.

### ક્યાંક તમે તો યૂઝ નથી કરતાં ને!

# લાઇફ મેક્સ કેન્સર લેબોરેટરીઝ દ્વારા કેલ્શિયમ-વિટામિન ડીૃની ૪૯ દવા ક્વોલિટી ટેસ્ટમાં ફેલ

**સીડીએસસીઓએ એ ચાર દવાઓની પણ ઓળખ કરી છે, જે નકલી કંપનીઓ દ્વારા બનાવવામાં આવી રહી છે । સીડીએસસીઓએ આ મહિને કુલ ૩૦૦૦ દવાઓનું પરીક્ષણ કર્યું હતું**

। નવી દિલ્હી, તા.૨૬ ।

લાઈફ મેક્સ કેન્સર લેબોરેટરીઝ દ્વારા ઉત્પાદિત કેલ્શિયમ ૫૦૦એમજી અને વિટામિન ડી૩ ટેબ્લેટ્સ સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન (સીડીએસસીઓ) પરીક્ષણમાં નિષ્ફળ નીવડી છે. સીડીએસસીઓએ સપ્ટેમ્બર માટે તેનો અહેવાલ પ્રકાશિત કર્યો છે. આ રિપોર્ટમાં, ૪૯ દવાઓની ઓળખ કરવામાં આવી છે, જે ધોરણોને પૂર્ણ કરતી નથી. સીડીએસસીઓએ આ મહિને કુલ ૩૦૦૦ દવાઓનું પરીક્ષણ કર્યું હતું, જેમાંથી ૪૯ દવાઓની ક્વોલિટી ટેસ્ટમાં નિષ્ફળ ગઈ હતી.આ સિવાય સીડીએસસીઓએ એ ચાર દવાઓની પણ ઓળખ કરી છે, જે




નકલી કંપનીઓ દ્વારા બનાવવામાં આવી રહી છે. જનહિતને ધ્યાનમાં રાખીને સીડીએસસીઓએ નકલી ખરાબ દવાઓ પાછી ખેંચી લેવા સુચના આપી છે. સીડીએસસીઓ ચીફ રાજીવ સિંહ રઘુવંશીએ વાત કરતાં કહ્યું કે, માત્ર ૧ ટકા દવાઓ જ ટેસ્ટમાં ફેલ થઈ રહી છે. એટલે નકલી અને ખરાબ દવાઓને રોકવા માટે CDSCO ના પ્રયાસો અસરકારક સાબિત થઈ રહ્યા છે.સીડીએસસીઓ દ્વારા ઓળખવામાં આવેલી દવાઓ પૈકી, હિન્દુસ્તાન એન્ટિબાયોટિક્સની મેટ્રોનીડાઝોલ ટેબલેટ્સ, રેનબો લાઈફ સાયન્સની ડોમ્પેરિડોન ટેબલેટ્સ અને પુષ્કર ફાર્માના ઓક્સીટોસિન ઈન્જેક્શન પણ પરીક્ષણમાં નિષ્ફળ થયા છે. અન્ય દવાઓમાં સ્વિસ બાયોટેક પેરેન્ટેરલ્સની મેટમોર્ફિન, કેલ્શિયમ ૫૦૦એમજી અને લાઈફ મેક્સ કેન્સર લેબોરેટરીઝમાંથી વિટામિન ડી૩ ૨૫૦ ટેબલેટ્સ સમાવેશ થાય છે. આ સાથે એલ્કેમ લેબ્સની પાન ૪૦ ટેબ્લેટ પણ નકલી હોવાનું જાણવા મળ્યું છે. કર્ણાટક એન્ટિબાયોટિક્સ એન્ડ ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડની પેરાસિટામોલની ગોળીઓ પણ નબળી ગુણવત્તાવાળી હોવાનું જાણવા મળ્યું છે. આ સિવાય અન્ય દવાઓમાં ગૉઝ રોલ, નોન-સ્ટીરિન રોલર બેન્ડેજ અને ડીક્લોફેનાક સોડિયમ ટેબ્લેટનો પણ સમાવેશ થાય છે. સીડીએસસીઓ દ્વારા કરવામાં આવતી આ કાર્યવાહી દર મહિને કરવામાં આવતી તકેદારી કાર્યવાહી છે.

## ન્યૂઝ બ્રિફ



### હૈદરાબાદના એન કન્વેન્શન સેન્ટર સાથે સંબંધિત નાણાકીય ગેરરીતિનો આરોપ

### સાઉથ સુપરસ્ટાર નાગાર્જુન વિરુદ્ધ એફઆઇઆર નોંધાઈ

। હૈદરાબાદ, તા.૨૬ ।

સાઉથ સિનેમાના પ્રખ્યાત અભિનેતા નાગાર્જુન અક્કીનેની વિરુદ્ધ માધાપુર પોલીસ સ્ટેશનમાં હૈદરાબાદના એન કન્વેન્શન સેન્ટર સાથે સંબંધિત નાણાકીય ગેરરીતિનો આરોપ લગાવીને ફરિયાદ દાખલ કરવામાં આવી છે. ભાસ્કર રેડ્ડીએ ફરિયાદ નોંધાવી હતી. માધાપુર સર્કલ ઈન્સ્પેક્ટર કૃષ્ણ મોહનના જણાવ્યા અનુસાર, ફરિયાદમાં દાવો કરવામાં આવ્યો છે કે નાગાર્જુને સ્થળ પરથી અયોગ્ય ફાયદો ઉઠાવ્યો છે, રેડ્ડીએ માંગ કરી હતી કે સાઉથ સુપરસ્ટાર પાસેથી પૈસા વસૂલવામાં આવે અને સરકારને પરત કરવામાં આવે. એન કન્વેન્શન સેન્ટરમાં તાજેતરમાં થયેલા અતિક્રમણ બાદ હૈદરાબાદના માધાપુર પોલીસ સ્ટેશનમાં સાઉથ સુપરસ્ટાર વિરુદ્ધ આ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. ઓગસ્ટમાં, નાગાર્જુને જે જમીન પર એન કન્વેન્શન સેન્ટર બાંધવામાં આવ્યું હતું તેની કાયદેસરતાનો બચાવ કર્યો અને કહ્યું કે તે પટ્ટા જમીન તરીકે નોંધાયેલ છે.



### અભિનેત્રી અનુષ્કા શર્માને પતિના કપડાં પહેરવા ગમે છે

। મુંબઇ,તા.૨૬ ।

અભિનેત્રી અનુષ્કા શર્મા અને ક્રિકેટર વિરાટ કોહલી લોકપ્રિય કપલમાંથી એક છે. બંને એકબીજાની નજીક આવી રહ્યા છે. તેના પતિ વિરાટ કોહલી વિશે અનુષ્કા શર્માએ કહ્યું કે તે તેના પતિના કપડા પહેરે છે અને તેને આમ કરવાથી ખૂબ સારું લાગે છે.એક ઈન્ટરવ્યુ દરમિયાન અનુષ્કા શર્માએ કહ્યું, ‘હું વાસ્તવમાં વિરાટના કપડાં, મોટાભાગે ટી-શર્ટ ઉછીના લઉં છું. ક્યારેક હું ફક્ત તેનું જેકેટ લઉં છું. કેટલીકવાર હું આ એટલા માટે કરું છું કારણ કે જ્યારે હું તેના કપડાં પહેરું છું ત્યારે તે ખૂબ જ ખુશ થાય છે.અનુષ્કાએ કહ્યું, ‘આ પરફેક્ટ પેરેન્ટ્સ જેવા બનવાનું ઘણું દબાણ છે. અમે સંપૂર્ણ માતાપિતા નથી. અમે વસ્તુઓ વિશે ફરિયાદ કરીશું અને તેમના માટે તે સ્વીકારવું ઠીક છે જેથી તેઓને ખબર પડે કે તમારામાં ખામીઓ છે. બાળકોની સામે પોતાની ભૂલો સ્વીકારવી ખૂબ જ જરૂરી છે. તેનાથી બાળકો પર દબાણ ઓછું થાય છે.અનુષ્કાએ કહ્યું, આજકાલ સોશિયલ મીડિયા પર પરફેક્ટ પેરેન્ટિંગ સંબંધિત સલાહ આપવામાં આવે છે.

## છત્તીસગઢમાં લોકોના ટોળાએ મહિલા ASP સાથે મારપીટ કરી

। છત્તીસગઢ, તા.૨૬ ।

છત્તીસગઢના બલરામપુરમાં ઉગ્ર ભીડે એડિશનલ એસપી નિમિષા પાંડે સાથે મારપીટ કરી હતી. મહિલાઓએ તેને ચંપલથી મારી અને તેની લાઠી પણ છીનવી લીધી. અંતમાં મહિલા એએસપીએ ભાગીને પોતાનો જીવ બચાવવો પડ્યો. રાજ્યમાં ખરાબ કાયદો અને વ્યવસ્થા તેમજ પોલીસની બેદરકારીથી નારાજ ભીડને સમજાવવા માટે મહિલા એસપી પહોંચી હતી, પરંતુ તેની વાત સાંભળવાની બદલે મહિલાઓએ તેના પર હુમલો કરી દીધો. એવામાં તેને જીવ બચાવવા માટે ત્યાંથી ભાગવું પડ્યું હતું. બલરામપુરમાં પોલીસ કસ્ટડીમાં યુવકનું મોત થઈ ગયું હતું. ત્યારબાદ ત્યાં જોરદાર બબાલ થઈ ગઈ. યુવકનો મૃતદેહ લઈને પોલીસ તેમના ગામડે પહોંચી હતી. આ દરમિયાન ગામડાના લોકો રોષે ભરાયા હતાં. ભીડે પોલીસકર્મી પર પથ્થરમારો કરી દીધો. જોકે, એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે, ભીડમાં જોવા મળતાં લોકો બીજા રાજ્યથી આવીને છત્તીસગઢમાં વસ્યા છે અને હવે આ જ લોકો અહીંનો માહોલ ખરાબ કરી રહ્યાં છે.ઉગ્ર ભીડને કાબૂ કરવા પહોંચેલી એએસપી નિમિષા પાંડે પર પણ મહિલાઓએ હુમલો કરી દીધો હતો.

### બુલડોઝર કાર્યવાહી

## રાજ્યો સામે અવમાનનાની અરજી સુપ્રીમે ફગાવી

**ડિમોલિશનથી પ્રભાવિત વ્યક્તિઓ કોર્ટનો સંપર્ક કરી શકે છેઃ અમે સુનાવણી કરીશું**

। નવી દિલ્હી, તા.૨૬ ।

સુપ્રીમ કોર્ટે ગુરુવારે ઉત્તરાખંડ, રાજસ્થાન અને ઉત્તરપ્રદેશના સત્તાવાળા પર કોર્ટના આદેશોની અવમાનનાનો આરોપ લગાવતી અરજી પર સુનાવણી કરવાનો ઈનકાર કરતાં જણાવ્યું હતું કે કથિત બુલડોઝર કાર્યવાહી સંબંધિત સીધી કે આડકતરી રીતે ન જોડાયેલા અરજદારની અરજીની તે સુનાવણી કરશે નહીં. ડિમોલિશનથી પ્રભાવિત વ્યક્તિઓને કોર્ટમાં આવવા દો, અમે તેની સુનાવણી કરીશું. સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે અમે મધપૂડો છંછેડવા માગતા નથી. ડિમોલિશનથી અસરગ્રસ્ત બનેલા વ્યક્તિઓને કોર્ટમાં આવવા દો. અરજદારના વકીલે આરોપ મૂક્યો હતો કે હરિદ્વાર, જયપુર અને કાનપુરમાં સત્તાવાળાઓએ સર્વોચ્ચ અદાલતના આદેશની અવમાનના કરી મિલકતોને તોડી પાડી હતી. આ સત્તાવાળાએ કોર્ટના આદેશ મુજબ કોર્ટની પરવાનગી લીધી ન હતી. સુપ્રીમ કોર્ટનો આદેશ સ્પષ્ટ હતો કે આ કોર્ટની રજા વિના કોઈ ડિમોલિશન હાથ ધરવામાં આવશે નહીં. આમાંથી એક કેસમાં એફઆઈઆર દાખલ થયા પછી તરત જ મિલકતને તોડી પાડવામાં આવી હતી.ઉત્તરપ્રદેશ સરકાર તરફથી હાજર રહેલા એડિશનલ સોલિસિટર જનરલ કે એમ નટરાજે જણાવ્યું હતું કે અરજદાર ત્રાહિત પક્ષ છે અને તેઓ એ હકીકતોથી વાકેફ નથી કે સત્તાવાળાએ ફૂટપાથ પરના અતિક્રમણને દૂર કર્યાં હતાં. અરજદારે કેટલાક મીડિયા અહેવાલોના આધારે કોર્ટમાં અરજી કરી હતી.

### પંજાબમાં ડાંગરની ખરીદી અને ઉપાડને લઈને ખેડૂતો રસ્તા પર ઉતરી આવ્યા

# કેન્દ્રએ ૪૪ હજાર કરોડ આપ્યા, આપ સરકાર ખેડૂતોને પૈસા આપી રહી નથી : અમરિંદર સિંહ

**કેપ્ટન અમરિન્દર સિંહે કહ્યું કે મુખ્યમંત્રી રહીને મેં આટલા વર્ષો સુધી ડાંગર અને ઘઉંની ખરીદી કરી છે । પરંતુ અમારી સરકાર દરમિયાન આવી સ્થિતિ ક્યારેય બની નથી**

। ચંડીગઢ,તા.૨૬ ।

પંજાબમાં ડાંગરની ખરીદી અને ઉપાડને લઈને ખેડૂતો રસ્તા પર ઉતરી આવ્યા છે. ખેડૂતો સરકાર અને કેન્દ્ર સામે વિરોધ કરી રહ્યા છે. ડાંગરનો પાક બજારોમાં ખુલ્લા આકાશ નીચે પડી રહ્યો છે. આ પહેલા પંજાબના પૂર્વ મુખ્યમંત્રી અને બીજેપી નેતા કેપ્ટન અમરિંદર સિંહ એશિયાના સૌથી મોટા અનાજ બજાર ખન્ના પહોંચ્યા હતા. ત્યાં તેમણે વ્યવસ્થાની સમીક્ષા કરી અને ખેડૂતો સાથે વાત પણ કરી.પૂર્વ સીએમ કેપ્ટન અમરિન્દર સિંહે કહ્યું કે પંજાબમાં જે પણ થઈ રહ્યું છે તે મને પહેલાથી જ ખબર હતી. હું પોતે ખન્ના, એશિયાના સૌથી મોટા અનાજ બજાર, તેને જોવા ગયો હતો. લોકોએ મને કહ્યું કે (સરકાર દ્વારા) ડાંગરની ખરીદી કરવામાં આવી રહી નથી. કોઈને પૈસા મળતા નથી. મને એ સમજાતું



નથી કે ખેડૂતોને પૈસા કેમ નથી મળી રહ્યા, જ્યારે કેન્દ્ર સરકાર ૪૪,૦૦૦ કરોડ રૂપિયા પહેલેથી જ જાહેર કરી ચૂકી છે. ખેડૂતોને પૈસા આપવામાં આવે અને ડાંગર ખરીદવામાં આવે.કેપ્ટન અમરિન્દર સિંહે કહ્યું કે મુખ્યમંત્રી રહીને મેં આટલા વર્ષો સુધી ડાંગર અને ઘઉંની ખરીદી કરી છે. પરંતુ અમારી સરકાર દરમિયાન આવી સ્થિતિ ક્યારેય બની નથી. પંજાબમાં ડાંગરની ખરીદી ન થવાના કારણે ખન્ના ખેડૂતોને મળવા અનાજ બજારમાં ગયા હતા. ત્યાંના ખેડૂતોને મળ્યા અને ત્યાંની સ્થિતિ જોઈ. ૧૦-૧૨ દિવસથી ડાંગર બજારમાં પડી છે. વરસાદ આવે તો ખેડૂતો પાયમાલ થઈ જાય.પૂર્વ મુખ્યમંત્રીએ કહ્યું કે પંજાબ સરકાર પાસે ડાંગરની ખરીદીને લઈને કોઈ આયોજન નથી. બજારોમાં સ્ટોરેજ સ્પેસ બનાવવામાં આવી ન હતી. જ્યારે આ કામ રાજ્ય સરકારનું છે.

## શમા સિકંદરને સ્વાઈન ફ્લૂ થયો, ૧૦ દિવસના બેડ રેસ્ટ પછી હેલ્થ અપડેટ શેર કર્યું

। મુંબઇ, તા.૨૬ ।

નાના પડદા પર પોતાના દમદાર અભિનયથી દર્શકોના દિલ જીતનાર અભિનેત્રી શમા સિકંદર કોઈ પરિચયની જરૂર નથી. આટલું જ નહીં તે બોલિવૂડ અને સાઉથની ફિલ્મોમાં પણ જોવા મળી છે. આ દિવસોમાં અભિનેત્રી સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા ચાહકો સાથે જોડાતી જોવા મળે છે. આ એપિસોડમાં શમાએ એક મોટો ખુલાસો કરીને બધાને ચોંકાવી દીધા છે. શમા સિકંદરને સ્વાઈન ફ્લૂ થયો હતો. ઈન્સ્ટાગ્રામ પર શેર કરેલા તાજેતરના વિડિયોમાં, અભિનેત્રીએ યાદ કર્યું કે કેવી રીતે દવા અને બેડ રેસ્ટ હોવા છતાં તેની સ્થિતિમાં સુધારો થતો ન હતો, પછી તેણે ઓઝોન થેરાપીની મદદ લીધી.

## મોબાઈલ ચાર્જ કરી રહ્યો હતો યુવક, અચાનક કરંટ લાગતાં મોત

। હૈદરાબાદ, તા.૨૬ ।

તમે તો આ ભૂલો નથી કરતા ને.... તેલંગણામાં એક યુવકને બેડમાં સૂતા સૂતા ફોન ચાર્જ થઈ શકે એ માટે પ્લગ પોઈન્ટથી તેના બેડ સુધી એક વાયર લંબાવ્યો અને તેને તેના ફોનના ચાર્જર સાથે જોડ્યો હતો. આ પછી યુવક સૂઈ ગયો. રાતે ઉંઘમાં એનો હાથ વાયરને અડી ગયો જેના કારણે તેનો જીવ જતો રહ્યો છે. તેલંગાણાના કામરેડ્ડી જિલ્લામાં મોબાઈલ ચાર્જ કરતી વખતે વીજ કરંટ લાગવાથી એક યુવકનું મોત થયું હતું. મામલો કામરેડ્ડીના સદાશિવનગર મંડલના યાચારામનો છે. ગામનો રહેવાસી ૨૩ વર્ષનો મલોથ અનિલ શુક્રવારે રાત્રે તેના મોબાઈલમાં ચાર્જિંગ ન હોવાની સમસ્યાનો સામનો કરી રહ્યા હતા.જેને ફોનને ચાર્જ કરવાના પ્રયાસમાં પ્લગ પોઈન્ટથી તેના બેડ સુધી એક વાયર લંબાવ્યો અને તેને તેના ફોનના ચાર્જર સાથે જોડ્યો. આ પછી અનિલ સૂઈ ગયો. ઉંઘમા જ તેનો હાથ વાયરને અડી જતાં તેને જીવલેણ ઈલેક્ટ્રિક આંચકો લાગ્યો હતો. એ ફોનને સાથે રાખીને સૂતો હતો. બેટરી ન હોવાથી એને અલગથી છેડા પ્લગ પોઈન્ટથી જોડીને ચાર્જરને જોડ્યા હતા.

### ઢાકાની એક અદાલતે ઝિયા અને અન્ય ત્રણ વિરુદ્ધ કેસન રદ

### એડિશનલ ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ ઝિયાદુર રહેમાને ગુરુવારે આ આદેશ આપ્યો હતો । ‘બાંગ્લાદેશ સાંગાબાદ સંસ્થા’ના જણાવ્યા અનુસાર, પોલીસ રિપોર્ટ સ્વીકારતા કોર્ટે આ નિર્ણય આપ્યો છે

# પૂર્વ વડાપ્રધાન ખાલિદા ઝિયા ૪૨ લોકોના મોતના કેસમાં નિર્દોષ । ઢાકા કોર્ટનો ચુકાદો

। ઢાકા, તા.૨૬ ।

ઢાકાની એક અદાલતે ભૂતપૂર્વ વડા પ્રધાન ખાલિદા ઝિયા અને અન્ય ત્રણ વિરુદ્ધ ૨૦૧૫માં દાખલ કરાયેલા કેસને રદ કર્યો હતો. આ મામલો બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટીના વિરોધ દરમિયાન ૪૨ લોકોની હત્યા સાથે સંબંધિત છે. એડિશનલ ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ ઝિયાદુર રહેમાને ગુરુવારે આ આદેશ આપ્યો હતો.ન્યૂઝ એજન્સી ‘બાંગ્લાદેશ સાંગાબાદ સંસ્થા’ના જણાવ્યા અનુસાર, પોલીસ રિપોર્ટ સ્વીકારતા કોર્ટે આ નિર્ણય આપ્યો છે. આ કેસમાં અન્ય ત્રણ આરોપીઓમાં બીએનપી સ્થાયી સમિતિના સભ્ય બેરિસ્ટર રફીકુલ ઈસ્લામ મિયા, ઢાકા યુનિવર્સિટીના ભૂતપૂર્વ વાઈસ ચાન્સેલર પ્રોફેસર ઈમાજુદ્દીન અહેમદ અને બીએનપી પ્રમુખ



શમશેર મોબિન ચૌધરીના ભૂતપૂર્વ સલાહકાર હતા.આ બાબત ૨ ફેબ્રુઆરી ૨૦૧૫ના રોજ જનનેત્રી પરિષદના પ્રમુખ એ.બી.ના ધ્યાન પર લાવવામાં આવી હતી. સિધ્ધિક વતી દાખલ કરવામાં આવી હતી. બાદમાં કોર્ટે ગુલશન પોલીસ સ્ટેશનને ફરિયાદ નોંધીને તપાસ કરવાનો આદેશ આપ્યો હતો. આ વર્ષે ૨૧ સપ્ટેમ્બરે તપાસ અધિકારીએ પોતાનો રિપોર્ટ સોંપ્યો હતો, જેમાં આરોપો ખોટા હોવાનું જાણવા મળ્યું હતું. ગયા મહિને બીએનપી અધ્યક્ષ ખાલિદા ઝિયાને પાંચ અલગ-અલગ કેસમાં નિર્દોષ જાહેર કરવામાં આવ્યા હતા. જેમાં નકલી જન્મદિવસ ઉજવવાનો એક કેસ અને યુદ્ધ અપરાધીઓને સમર્થન આપવાનો એક કેસ સામેલ છે.જિયા છેલ્લા પાંચ વર્ષથી નજરકેદમાં હતી અને ઓગસ્ટમાં રાષ્ટ્રીય માફી બાદ હોસ્પિટલમાંથી ઘરે પરત ફરી હતી. તેણીના રાજકીય હરીફ શેખ હસીનાની સરકારના પતન પછી તેણીને તમામ આરોપોમાંથી મુક્ત કરવામાં આવી હતી.

### કુર્દ આતંકીઓના ઠેકાણા પર — બે દિવસથી ચાલતી આ બોમ્બ વર્ષામાં કેટલા કુર્દો માર્યા ગયા હશે, તે વિષે હજી માહિતી મળી શકી નથી

# તૂર્કીએ ડ્રોન અને યુદ્ધ વિમાનો દ્વારા કરી બોમ્બ વર્ષા

। નવી દિલ્હી, તા.૨૬ ।

કુર્દ આતંકીઓએ, તૂર્કીની મહત્વની ડીફેન્સ ફેક્ટરી ઉપર હુમલો કરી ફેક્ટરીને ભારે નુકસાન કરવા સાથે પાંચની હત્યા કરતાં ગુસ્સે થયેલાં તૂર્કીએ કુર્દ આતંકીઓના ઈરાક અને સીરીયામાં રહેલા કુર્દોના અડ્ડાઓ ઉપર ડ્રોન અને યુદ્ધ વિમાનો દ્વારા બોમ્બ વર્ષા શરૂ કરી દીધી હતી. બે દિવસથી ચાલતી આ બોમ્બ વર્ષામાં કેટલા કુર્દો માર્યા ગયા હશે, તે વિષે હજી માહિતી મળી શકી નથી.ઈરાનની પશ્ચિમે રહેલી ઝાગોર્સ પર્વતમાળાના ઉત્તર



છેડાથી શરૂ કરી હવે તો તૂર્કી અને ઈરાક તથા સીરીયાને છૂટા પાડતા પર્વતીય પ્રદેશ સુધી પથરાયેલી આ કુર્દ પ્રજા મૂળ તો આર્યવંશીય ‘મીડસ’ના વંશજો છે. તેમાં આરબ અને તૂર્ક રક્ત પણ ભળેલું છે. આ પ્રજા અફઘાનોના જેટલી સ્વાતંત્ર્ય પ્રેમી છે. વર્તમાન યુગમાં તેઓ ઉપર સામ્યવાદની પણ અસર છે. તેઓની કુર્દીસ્તાન, વર્કર્સ પાર્ટી તથા ‘સીરીયન કુર્દીશ નિબિશિયા’ આ આતંકીઓ સાથે જોડાયેલાં છે. તેમ એનાદોલુ એજન્સી જણાવે છે.બીજી તરફ તૂર્કીની ગુપ્તચર સંસ્થા ‘નેશનલ ઈન્ટેલિજન્સ ઓર્ગેનાઈઝેશને’ આ કુર્દોના અડ્ડાઓની માહિતી મેળવી લીધી હતી, અને તે ઉપરથી કુર્દોના અડ્ડાઓ ઉપર હુમલા કરાયા હતા. તેમાં કુર્દોના શસ્ત્રાગારો, તેમની ઈન્ફ્રાસ્ટ્રકચર ફેસીલીટીઝ, લશ્કરી મથકો વગેરેને તૂર્કીએ નિશાન બનાવ્યા હતા. બુધવારે તૂર્કીના એક અધિકારીએ જણાવ્યું હતું કે આ હુમલામાં ડ્રોન વિમાનોનો ઉપયોગ કરાયો હતો. તેમજ ઉત્તર ઈરાક તથા ઉત્તર સીરીયામાં રહેલા પર્વતીય વિસ્તારો સ્થિત, કુર્દોના અડ્ડાઓ ઉપર ગુરૂવારથી ભારે હુમલાઓ શરૂ કરાયા છે. તૂર્કીના સંરક્ષણ મંત્રી યાસેર ગુલેરે ગુરૂવારે જણાવ્યું હતું કે બુધવારે ઈરાકમાં ૨૯ અને સીરીયામાં ૧૮ સ્થાનો મળી કુર્દોના કુલ ૪૭ અડ્ડાઓ ઉપર હુમલા કરાયા છે.ટૂંકમાં ઈરાનના અખાતના શિર્ષ પર આવેલા ઈરાકનાં બસરા બંદરથી શરૂ કરી ઉત્તરે તૂર્કીને સ્પર્શી નીચે ગોળ વળી સીરીયાથી લેબનોન અને જોર્ડન સુધીનો ‘ફર્ટીલ-ક્રેસન્ટ’ કહેવાતો વિસ્તાર પણ હવે યુદ્ધગ્રસ્ત બની રહ્યો છે.

# ગુડ મોર્નિંગ ગુજરાત

આજનું તાપમાન — સૂર્યોદય - 5:55 સૂર્યાસ્ત - 7:17

| | | | |
|---|---|---|---|
| અમદાવાદ | 41.0 | રાજકોટ | 36.0 |
| ગાંધીનગર | 40.0 | સુરત | 33.0 |
| વડોદરા | 41.0 | નલિયા | 32.0 |

પળેપળના સમાચાર માટે www.lokpatrika.in

LOK PATRIKA

Ahmedabad, Sunday

27-10-2024



## અનૈતિક સંબંધોમાં દિયરના હાથે ભાભીની હત્યા

। જામનગર, તા.૨૬ ।

દિયર-ભાભી સાથેના આડા સંબંધો પછી ભાભી ફરીથી દિયરને વશ નહીં થતાં ઉશ્કેરાટમાં આવી પથ્થરના ઘા ઝીંકી ભાભીનું કાસળ કાઢી નાખ્યું.જામનગર જિલ્લાના લાલપુર તાલુકા ના જાખર ગામમાં નવરાત્રીની પ્રથમ રાત્રે અઘટીટ બનાવ બન્યો છે. એક યુવાને અનૈતિક સંબંધોમાં પોતાની ભાભીની હત્યા કર્યાની ઘટના સામે આવતાં ભારે ચકચાર મચી ગઈ છે. ભાભી સાથે અનૈતિક સંબંધો રાખ્યા પછી પતિને જાણ થઈ જતાં ત્યારથી દૂર રહેવા લાગી હતી, જે પસંદ નહીં પડતાં તાબે નહીં થનાર ભાભીનું કાસળ કાઢી નાખ્યાનું સામે આવ્યું છે, અને મેઘપર પોલીસ મથકમાં હત્યા અંગેનો અપરાધ નોંધાયો છે. જે ફરિયાદના અનુસંધાને પોલીસે હત્યા અંગેનો અપરાધનો નોંધ્યો છે, અને આરોપી હાલ ભાગી છૂટ્યો હોવાથી તેની શોધખોળ ચલાવાઈ રહી છે.

### કમિશનરે એફિડેવિટમાં મૃતકોના પરિવારજનો પ્રત્યે દુઃખ વ્યક્ત કર્યું

# રાજકોટ ટીઆરપી ગેમ ઝોન ફાયર કેસમાં બે મ્યુનિસિપલ કમિશ્નરે હાઇકોર્ટમાં માંગી માફી

### અકસ્માતમાં બાળકો સહિત ૨૭ લોકોએ જીવ ગુમાવ્યા હતા

। માહિતી બ્યુરો,અમદાવાદ,તા.૨૬ ।

રાજકોટ ટીઆરપી ગેમ ઝોન ફાયર કેસમાં દાખલ કરાયેલી સુઓમોટુ પીઆઈએલમાં બે મ્યુનિસિપલ કોર્પોરેશન કમિશનરે હાઈકોર્ટમાં માફી માંગી છે. કમિશનરે એફિડેવિટમાં મૃતકોના પરિવારજનો પ્રત્યે દુઃખ વ્યક્ત કર્યું છે. તેની સાથે જ મહાનગરપાલિકાએ ટીઆરપી ગેમ ઝોન આગની ઘટનાનો સમગ્ર રેકોર્ડ કોર્ટમાં રજૂ કર્યો હતો. કોર્ટે આ જોયું કે તરત જ તેને રેકોર્ડ પર લેવાની ના પાડી દીધી.કોર્ટે કહ્યું કે રેકોર્ડને અનુક્રમણિકા સાથે યોગ્ય ફોર્મેટમાં રજૂ કરવામાં આવે. હાઈકોર્ટે વધુ સુનાવણી ડિસેમ્બર મહિનામાં નિયત કરી છે. કોર્ટના કડક વલણ બાદ બંને કમિશનરોએ કોર્ટમાં



માફી માંગી રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર અમિત અરોરા અને આનંદ પટેલે કોર્ટમાં સોગંદનામામાં મૃતકોના પરિવારજનો પ્રત્યે પોતાની પીડા વ્યક્ત કરી છે.છેલ્લી સુનાવણી દરમિયાન, હાઈકોર્ટે કમિશનરો સામે નારાજગી વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે બંને કમિશનરોમાં કોઈ અપરાધની ભાવના નથી અને તેઓ તાબાના અધિકારીઓને નિયંત્રિત કરી શકતા નથી. જો કમિશનર માફી નહીં માંગે તો કોર્ટ તેમની સામે કાર્યવાહી કરી શકે છે. કોર્ટે કમિશનરોને પોતાના ખિસ્સામાંથી વળતર ચૂકવવાનું પણ સૂચન કર્યું હતું. કોર્ટના વલણ બાદ કોર્ટના આદેશથી બંને કમિશનરે કોર્ટમાં માફી માંગી હતી.ઉપરાંત, મ્યુનિસિપલ કમિશનરની સુપરવાઈઝરી ભૂમિકા હોવા છતાં, જવાબમાં જણાવાયું છે કે ટીઆરપી ગેમ ઝોને જરૂરી મંજૂરીઓ મેળવી ન હોવાનું તેમના ધ્યાન પર લાવવામાં આવ્યું નથી. તત્કાલીન મ્યુનિસિપલ કમિશનરોને પણ તેમની બેદરકારીનો અફસોસ નથી. આ અકસ્માતમાં બાળકો સહિત ૨૭ લોકોએ જીવ ગુમાવ્યા છે. અધિકારીઓની એફિડેવિટ જોઈને કોર્ટે દુઃખ વ્યક્ત કર્યું. આ દુર્ઘટના મ્યુનિ સત્તામંડળના કામમાં પણ આવી જ ખામીઓ છે.

### ૮૫ ફ્લાઈટ્સને આવી ધમકીઓ મળી હતી | મેઈલ રાજકોટની ઈમ્પીરીયલ પેલેસ, સયાજી હોટલ, સીઝન્સ હોટલ, હોટેલ ગ્રાન્ડ રીજન્સી સહિતની પ્રખ્યાત હોટલોને મોકલવામાં આવ્યો

# રાજકોટની ફાઈવ સ્ટાર હોટલ સહિત ૧૦ હોટલોને વિસ્ફોટથી ઉડાવી દેવાની ધમકી

। પ્રતિનિધિ,રાજકોટ,તા.૨૬ ।

રાજકોટની ફાઈવ સ્ટાર હોટલ સહિત ૧૦ હોટલોને વિસ્ફોટથી ઉડાવી દેવાની ધમકીનો મેલ મળ્યો છે. આ મેઈલ રાજકોટની ઈમ્પીરીયલ પેલેસ, સયાજી હોટલ, સીઝન્સ હોટલ, હોટેલ ગ્રાન્ડ રીજન્સી સહિતની પ્રખ્યાત હોટલોને મોકલવામાં આવ્યો છે.આ ધમકીમાં તે હોટલનો પણ સમાવેશ થાય છે જ્યાં ક્રિકેટરો રોકાય છે. તહેવાર દરમિયાન આવા ધમકીભર્યા ઈ-મેઈલ મળ્યા બાદ પોલીસ એક્શનમાં આવી ગઈ હતી. હાલ રાજકોટ શહેર પોલીસ એક્શનમાં આવી છે અને હોટલોમાં ચેકીંગ ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. ઈ-મેલ કોણે મોકલ્યો છે તેની પણ તપાસ કરવામાં આવી રહી છે.તેમાં આજે સ્પાઈસ જેટ એરલાઈન્સના એક્સ એકાઉન્ટમાં મુંબઈ – કંડલા ફ્લાઈટને બોંબથી ઉડાવી દેવાની ધમકી મળતા પૂર્વ કચ્છ પોલીસ દ્વારા કંડલા એરપોર્ટ ખાતે તપાસ હાથ ધરવામાં આવી છે.આ સાથે છેલ્લા દસ દિવસમાં આ પ્રકારે ૨૫૦થી વધુ ફ્લાઈટ્સને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીઓ મળતાં દેશભરમાં વિમાની સેવાઓ પર માઠી અસર પડી રહી છે.એરલાઈન્સ કંપનીઓ ને મળી રહેલી બોમ્બની ધમકીના પગલે વિમાનનાં ઈમરજન્સી લેન્ડિંગ અને ઉતરાણ પછી આઈસોલેટ કરી ચેકિંગને લીધે વિમાની પ્રવાસીઓના કલાકો વેડફાઈ રહ્યા છે.






















**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya